શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

ISSN 2582-6409

વર્ષ : ૧૬ • અંક : ૦૪

એપ્રિલ : ૨૦૨૪

સદ્‌વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

ગુરુકુલ દર્શન

ભગવાન શ્રીહરિનાં સાંનિધ્યમાં ગાયન કરતા પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી તથા સંતો

ગુંદાસરા

ઢોલરા

મેંગણી

લોધીકા

પરમ પૂજ્ય આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજની રાજકોટની આસપાસના ગામોમાં પધરામણિ, સાથે પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી તથા સંતો

નાના મહિકા

મોટા મહિકા

પારડી

રાવકી

ગુરુકુલ દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણ

પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૧૬, એપ્રિલ : ૨૦૨૪, અંક : ૦૪

પ્રકાશક તથા માલિક
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨

તંત્રી : શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૦ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૦ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

અધમ ઉદ્ધારણ એવું પોતાનું નામ...

બડભાગી રે (૨) પામે સંતનો સંગ,
સંતથી મહાસુખ પામીએ૦ ટેક.
જી રે સંત બડા પરમારથી,
ટાળી ઉરથી રે (૨) અવિદ્યા અભિમાન;
જનમ સફળ કરે જંતનો,
આપે અનુભવી રે (૨) પ્રભુ પ્રગટનું જ્ઞાન...સંત-૧
જી રે પ્રભુ સંગ પ્રીતિ વધારવા,
ફરે જગમાં રે (૨) સાચા સંત સુજાણ;
પરમાત્મા ધ્રિછાડવા,
પરમારથી રે (૨) આપે પદ નિરવાણ...સંત-૨
જી રે સંતના જશ શ્રીમુખે કહ્યા,
ગીતા મધ્યે રે (૨) ગોવિંદ સુખધામ;
અનુભવી મારો આતમા,
જેના મનથી રે (૨) ટળ્યા ક્રોધ ને કામ...સંત-૩
જી રે સંત વચન ભાવે સુણે,
તેનાં પાતક રે (૨) પામે સર્વનાશ;
પ્રીત વધે પરબ્રહ્મમાં,
મુક્તાનંદ કહે રે (૨) પામે પદ અવિનાશ...સંત-૪

અનુક્રમણિકા

૧.	સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીની રચનાઓ...	૦૪
૨.	આઠ વેદના ભણેલા ભુદેવ !	૦૫
૩.	મરેલી ભેંસ જીવતી થઈ !	૦૬
૪.	આજ મારે ઓરડે રે...	૦૮
૫.	માણકીએ ચડ્યા રે...	૧૦
૬.	બિસર ન જાજો મેરે મીત	૧૧
૭.	સજની શ્રીજી મુજને સાંભર્યા રે...	૧૨
૮.	પ્રેમનો અંતરંગ પ્રવાહ	૧૩
૯.	અક્ષરવાસ	૧૪
૯.	સ્વામીની રચનાઓ	૧૫
૧૦.	સમાચાર દર્શન	૧૬

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

GurukulParivar | GurukulParivar
swaminarayangurukul.org | darshan@sgvp.org

સદ્‌ગુરુ શ્રી પ્રેમાનંદ સ્વામીની અદ્‌ભુત રચનાઓ તથા તેનો મહિમા

પાછલા અંકમાં આપણે સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીના જન્મ, દીક્ષા તથા વંદુ સહજાનંદ રસરૂપ... પદની ઉત્પત્તિ વિષયે જોયું હતું. એ પદોનો મહિમા સ્વયં શ્રીજી મહારાજ પોતાના મુખે કહે છે. એ અદ્‌ભુત પદોની રચનાને બસો વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે કેટલાંક બીજા પ્રસંગો જોઈએ. જેથી આ પદોનું મહત્વ-મહિમા સમજી શકાય.

– સાધુ ચૈતન્યવલ્લભદાસ

સંપ્રદાયમાં અનેક કવિ સંતોએ હજારો પદોની રચના કરી છે. એ પદોમાંથી પ્રેમાનંદ સ્વામીના 'વંદુ સહજાનંદ...' પદોનો મહિમા સ્વયં સહજાનંદ સ્વામી કહેતા થાકતા નથી. આ પદો સાંભળી સ્વયં શ્રીજી મહારાજ એમ કહે કે, મારે પ્રેમાનંદ સ્વામીને દંડવત કરવા છે! આવા પદ અખિલ બ્રહ્માંડમાં ક્યાંય ન મળે.

વંદુ સહજાનંદ પદ છે એ '"અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે. ' જેવા તત્ત્વજ્ઞાનનું નિરૂપણ કરનારા પદ નથી.

"ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના, કરીએ કોટી ઉપાયજી." એવા ત્યાગ અને વૈરાગ્ય નિરૂપણ કરનારા પદો પણ આ નથી.

"પ્રાણિયા ભજીલેને કિરતાર, આ તો સપનું છે સંસાર." એવી ભજનની પ્રેરણા કરનારા પણ આ પદ નથી. નામ સ્મરણનો મહિમા ગાનારા પણ આ પદ નથી.

"રામ જપો, રામ જપો, રામ જપો બાવરે..." ભગવાનના શણગાર, સૌંદર્યનું વર્ણન કરનારા જે પદો હોય છે એવા પણ આ પદો નથી.

"કંદર્પ અગણિત અમિત છબી નવનિલ નિરજ સુંદરમ્..."

"મુગટ છબી અદ્‌ભુત આજ બની."

આવું સૌંદર્ય કે શણગારના વર્ણન કરનારા પણ આ પદ નથી. લીલાનું વર્ણન કરનારા પણ આ પદ નથી.

"મૈયા મેને માખન ખાયો..."

"ઓ... મૈયા, મેરી કબ રે બઢેગી ચોટી."

"ઠુમક ચલત રામચંદ્ર, બાજત પૈંજનિયા..."

એવા લીલાનું વર્ણન કરનારા પણ આ પદ નથી. આ પદ વિશ્વમાં અજોડ છે. કેવળ સહજાનંદ સ્વામી એટલે પરાત્પર પુરુષોત્તમ નારાયણના શ્રીઅંગનું વર્ણન અને એમાંયે શરીરમાં જે ચિહ્ન હતા, તિલ હતા એને જ સ્મૃતિમાં લાવીને વર્ણન કરનારા આ પદો છે. વિશ્વના ધર્મનો અભ્યાસ કરી જવા છતાં ભગવાનનાં શ્રીઅંગનું વર્ણન કરનારા આવા પદો સ્વામિનારાયણ સંપ્રદાય સિવાય તમને ક્યાંય નહીં મળે. કેમ? કારણ કે આ પદો જે સામે બેઠા છે એને જોઈને લખાયા છે.

આ બ્રહ્માંડમાં અનેક અવતારો થયા છે, પરંતુ એ ભગવાનના શરીરનું આ રીતે ક્યાંય વર્ણન જોવા નથી મળતું. કારણ કે એ ભગવાનની સામે બેસીને સેંકડો લોકો એમને ભગવાન તરીકે માની ઉપાસના કરનારા નહોતા. એક સહજાનંદ સ્વામી એવા ભગવાન થયા કે એમની હાજરીમાં લાખો લોકો એમના નામની માળા કરતાં હતા 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' અને નજર સામે જોઈને પદોની રચના થતી હતી.

કોઈ સાહિત્યરસિકજન આ પદોને વાંચે તો એક બાજુ મૂકી દે અને કહે કે, આમાં નથી તત્ત્વજ્ઞાન નિરૂપણ, નથી આત્મજ્ઞાન નિરૂપણ નથી, સૌંદર્ય નિરૂપણ, નથી કોઈ વિરહ. તો આમાં શું છે? આમાં જમણે ગાલે ટીબકડી, નમણી નાસિકા, હોઠ મધુરા, દાડમની કળી જેવા દાંત, આંગળીઓની રેખા રૂપાળી ને ચિતમાં રાખું ચોરીને આવું બધું છે. આમાં શું મિરેકલ છે?

જેમ શાક-બકાલું વેચનારા માણસની આગળ હિરાની પોટલી મૂકી કહો કે, "ભાઈ! આના મૂલ કરો." હવે એ બકાલી એના મૂલ શું કરે? એ જ રીતે કોઈ ઝવેરીના ટેબલ ઉપર હીરાની પોટલી ખોલો તો આંખો

ચાર થઈ જાય. વાહ...વાહ...વાહ... આ લાવ્યો ક્યાંથી ! શું રાજાનો ખજાનો તોડ્યો ?

ના ભાઈ ! આ તો અક્ષરધામનો ખજાનો છે અને પુરુષોત્તમ નારાયણની મૂડી છે. એટલે બીજાને આમાં રસ નહીં જણાય. પદો સીધા-સાદા છે, પણ ભગવાનના શ્રીઅંગનું અમૃત છે. હૈયાને છેદ કરી જાય એવી આ રચના છે. જીવના જન્મ-જન્મના કલ્મશ કાપી નાખે એવા આ પદો છે.

સંતોએ ઘણા પદો રચ્યા છે અને ગાયા છે, પણ સહજાનંદ સ્વામી આ રીતે રાજી થયા હોય એવું નથી.

"સૂન સૂન સજની શ્યામ કી બતિયા, સૂની બતિયા, છતિયા" આવા પદો સાંભળીને મહારાજ જરૂર પ્રસન્ન થતા હશે, ઊભા થઈ જતા, પાઘડી આપી દેતા, હાર પેરાવી દેતાં, ભેટી પડતા. પરંતુ આ એક જ પદ રચના એવી છે કે જે સાંભળીને મહારાજ કહેતા હોય કે, "આ પ્રેમાનંદ સ્વામીને હું ઊભો થઈને દંડવત કરી લઉં."

આ પદોમાં જેનું વર્ણન કર્યું છે એ સામે જ બેઠા છે અને આ પદોમાં એ મૂર્તિને સાણસામાં કોઈ સાપ પકડે એમ પકડી લે. ભયંકર વિષધારી સાપ ઉપર કોઈ મંત્ર ફેંકે અને સાપ વશ થઈ જાય એમ આ સહજાનંદી સ્વામી આ પદોથી વશ થઈ જાય છે. કેવળ પ્રેમાનંદ સ્વામી આ રચના બોલ્યા અને ગાયા ત્યાં વશ થઈ ગયા ! એવી આ પદ રચના છે સીધી-સાદી, પણ ભક્તોને માટે મહામૂલો ખજાનો છે.

રોજ ઘરમાં જલેબી બને તો પછી સાતમે-આઠમે દિવસે જલેબીનો જલેબો થઈ જાય. પછી ઘરના સભ્ય સાતમે દહાડે જલેબી પીરસે તો એમ જ કહીએ કે, રોજ જલેબો ને જલેબો ! પહેલે દિવસે જલેબી હતી, પણ આઠમે દહાડે જલેબો. એમ રોજ 'વંદુ સહજાનંદ' પદો બોલતા જ હોઈએ. મોટે ભાગે પાછળ લોલ જ સંભળાય. એટલે પછી જલેબો થઈ જાય. પણ જો ધ્યાન આપી આ પદોનું ગાન કરે તો એટલું મીઠું કે કોઈ દિવસ જલેબો ન થાય.

આઠ વેદના ભણેલા ભુદેવ !

મહાપુરુષદાસજી સ્વામીનું ગામ ઉપલેટા પાસેનું ભાયાવદર હતું. એમનું પૂર્વાશ્રમનું નામ રામજી જોષી હતું. તેઓને ગોપાળાનંદ સ્વામી સાથે ખૂબ હેત. એને જ્યારે ઇચ્છા થાય ત્યારે ભાયાવદરથી ચાલી નીકળે અને જ્યાં સ્વામી હોય ત્યાં પહોંચે. મોટેભાગે ગોપાળાનંદ સ્વામી વડોદરા, વડતાલ કે ગઢપુર હોય.

સ્વાભાવિકપણે શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા પછી સ્વામીને વડતાલ વધારે રહેવાનું થતું. ઉપરાંત વડોદરા જવાનું વિશેષ રહેતું. સ્વામી એ સમયે વડતાલ હતા એટલે રામજી જોષી વડતાલ પધાર્યા. રામજી જોષી બ્રાહ્મણ, મહામુક્ત અને શ્રીજી મહારાજ પાસે વર્તમાન ધરાવેલા.

તેમના પિતાશ્રીએ શ્રીજી મહારાજ પાસે આ બાળકને મૂકી કહ્યું, "મહારાજ ! વર્તમાન ધરાવો." ત્યારે મહારાજ સામું જોઈ રહ્યા, હાથમાં હાથ લીધો અને હસ્યા. ત્યારે પૂછ્યું, "મહારાજ, કેમ હસો છો ?"

મહારાજ કહે, "અમે આમના જેવડા નાના હતા ત્યારે અમારું નામકરણ સંસ્કાર કરવા માટે આ આવ્યા હતા. આ માર્કંડેય ઋષિ છે. અમારા ગુણ ગાવા આજ તમારે ત્યાં દેહ ધર્યો છે. આજ એ માર્કંડેયને અમે વર્તમાન ધરાવીએ છીએ."

આવી અદ્‌ભુત કથાઓ ક્યાં મળે ? એક દૃષ્ટિએ જોઈએ તો સંપ્રદાયમાં શું પરોક્ષ છે ? એક આપણી દૃષ્ટિ પરોક્ષ છે. બાકી બધું પ્રત્યક્ષ છે.

શ્રીજી મહારાજ હતા ત્યાં સુધી એમની ઉંમર બાર વર્ષની હતી. જૂનાગઢના મંદિરમાં પ્રતિષ્ઠા થઈ, રાધા-રમણ દેવ, સિદ્ધેશ્વર મહાદેવ પધરાવ્યા એની આરતી થઈ ત્યારે મહાપુરુષદાસજી સ્વામી ત્યાં હાજર હતા. એ સમયે મહારાજ બ્રહ્માનંદ સ્વામીને કહે, "સ્વામી ! સિદ્ધેશ્વર મહાદેવની સ્તુતિ કરો." ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ 'જય સિદ્ધેશ્વરા-મહેશ્વરા' છંદ ગાયા હતા.

મહાપુરુષદાસજી સ્વામી કહેતા, "એ સમયે મારી ઉંમર અગિયાર વર્ષની હશે. બ્રહ્માનંદ સ્વામીએ ઘુમ્મટની નીચે ઊભા રહીને જે છંદ ગાયા હતા એના પડઘા હજી મારા કાનમાં પડઘાય છે. મહારાજે જ્યારે પ્રતિષ્ઠા કરીને આરતી ઉતારી ત્યારે આખાયે મંદિરમાં તેજ ઝળાહળા થયું હતું. મહારાજે પ્રતિષ્ઠાની આરતી સંપન્ન કરેલી એનો હું નજરે સાક્ષી છું." આ મહાપુરુષદાસજી સ્વામીએ પોતાને હાથે લખ્યું છે.

મહાપુરુષદાસજી સ્વામીની વાતોનું જે પુસ્તક છે અદ્‌ભુત છે. બીજાએ જે વાતો લખી હશે એ એના અનુભવની નથી, કર્ણોપકર્ણ સાંભળેલી છે. જ્યારે મહાપુરુષદાસજી એવા છે કે જેની અનુભૂતિની વાતો એમણે લખી છે.

એ રામજી જોષી વડતાલ ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યા છે. એ ગોપાળાનંદ સ્વામી પાસે રહે અને સ્વામીને સ્નાન કરાવવું, વસ્ત્ર લાવવા, પૂજામાં મદદ કરવી, રસોઈ કરવી, જમાડવા, ચરણચંપી સેવા એ બધામાં લાગી જાય.

કોઈ ગોપાળાનંદ સ્વામીને પૂછે કે, "સ્વામી ! આ

ભૂદેવ કોણ છે ?'' ત્યારે ગોપાળાનંદ સ્વામી એમનો પરિચય કંઈ આ રીતે આપતા. ગોપાળાનંદ સ્વામી કહેતા, ''એ મારો ભાઈબંધ છે.'' આ મહાપુરુષદાસજી સ્વામીએ એમને હાથે પુસ્તકમાં લખેલું છે.

રામજી જોષી વરતાલ આવ્યા, ગોપાળાનંદ સ્વામીની સેવામાં રહ્યા. એક દિવસ ગોપાળાનંદ સ્વામી કહે, 'રામજી ! મારે વડોદરા જાવું છે. સાથે ચાલ્ય.''

''હા, ચાલો સ્વામી !''

વડોદરામાં આજે જે મંદિર છે ત્યાં સ્વામી ઉતરતા. ત્યાં નાથભક્તના મકાન હતા.

એક દિવસ વડોદરાના હરિભક્તો સ્વામી પાસે આવ્યા, ''સ્વામી ! શિવજીનું બાણ એટલે કે લિંગ એ તૈયાર થઈ ગયું છે. સારું મુહૂર્ત આવે ત્યારે આપણે પ્રતિષ્ઠા કરવી છે.''

ગોપાળાનંદ સ્વામી કહે, ''રામજી ! મૂરત કાઢી દે.''

એટલે રામજી જોષીએ જેવી ફાવે એવી ગણતરી કરીને કહ્યું, ''સ્વામી ! આ દિવસ સારો છે.''

''સારું હરિભક્તો. આ દિવસે આપણે શિવજી પધરાવીશું.''

થોડા દિવસો ગયા. પ્રતિષ્ઠાનો દિવસ નજીક આવવા માંડ્યો. એટલે પેલા હરિભક્તો વળી પાછા આવ્યા અને કહે, ''સ્વામી ! હવે શિવજીને પધરાવવા છે, તો પછી વેદવિધિ કરાવવાવાળા બ્રાહ્મણો તથા અન્ય આયોજન કરો, જેથી કરીને સારી રીતે વિધિ સંપન્ન થાય.''

ગોપાળાનંદ સ્વામી કહે, ''અમે આઠ વેદ ભણેલો બ્રાહ્મણ બોલાવવાના છીએ. માટે પ્રતિષ્ઠાની ચિંતા તમે મૂકી ઘો.''

સ્વામીની વાત સાંભળી હરિભક્તો ચૂપ થઈ ગયા. મનમાં થાય કે આઠ વેદ ક્યાંથી આવે ? ચાર વેદને તો આપણે જાણીએ છીએ, જોયા છે. પરંતુ આ આઠ વેદ ? વિચાર આવે પણ સ્વામી સામે કોઈ બોલ્યું નહીં.

પ્રતિષ્ઠાનો દિવસ આવી ગયો, બધી તૈયારી થઈ. ભક્તોએ સ્વામીને કહ્યું, ''સ્વામી ! આપ પધારો.'' સ્વામી આવ્યા એટલે કહે, ''બ્રાહ્મણ નથી આવ્યા ?''

સ્વામી કહે, ''આવે છે. ધીરા રહો.''

સ્વામીને પાસે આસન નાખી દીધું. શિવજીને થાળામાં પધરાવ્યા. સ્વામીએ શિવજીનું પૂજન કર્યું. પ્રતિષ્ઠાના મુહૂર્તનો સમય આવ્યો એટલે હરિભક્તો કહે, ''સ્વામી ! હવે વેદવિધિથી સ્થાપના કરવી છે. તમે કહેતા હતા એ આઠ વેદ ભણેલો બ્રાહ્મણ ક્યાં છે ?''

સ્વામી કહે, ''આ રહ્યા. રામજી !''

''જી, સ્વામી !''

''રામજી ! આઠ વેદ બોલ્ય, એટલે આપણે શિવજીની પ્રતિષ્ઠા કરીએ.''

રામજી જોષી પલાઠી વાળીને બેઠા, આંખ મીંચી ગયા અને બોલવા મંડ્યા...

''વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ,
જેને ભજતા છૂટે ફંદ, કરે ભવપારને રે લોલ.''

રામજી જોષી એક પછી એક પદ ગાતા જાય છે અને સ્વામી શિવજી ઉપર અક્ષત-પુષ્પ ચડાવતા જાય છે. એમ કરતાં જેવું આઠમું પદનું નામાચરણ આવ્યું અને થાળા સહિત શિવનું લીંગ ધ્રુજવા માંડ્યું.

હરિભક્તો બધા ઊભા થઈ ગયા અને કહે, ''સ્વામી!''

''હા. અમે કહ્યું હતું ને કે આઠ વેદ ભણેલો બ્રાહ્મણ આવશે. આ જુઓ.'' પછી સ્વામીએ શિવજીની સામે દૃષ્ટિ કરી એટલે શિવજી પ્રતિષ્ઠિત થયા !

આ આઠ વેદ એટલે ''વંદુ સહજાનંદ રસરૂપ''ના આઠ પદો. કહેવાનો અર્થ એ છે કે, ષટ્‌શાસ્ત્ર, અઢાર પુરાણ, વેદ, ઉપનિષદો વગેરે બધાનો સાર ભગવાનનું નામ અને ભગવાનની મૂર્તિના સ્વરૂપનું ચિંતવન છે. એવું ચિંતવન આ આઠ પદમાં છે. આ આઠેય પદો દિવ્ય છે.

મરેલી ભેંસ જીવતી થઈ !

સૌરાષ્ટ્રમાં વાંકિયા ગામમાં દેવરાજબાપા ઠુંમર થયા. તેઓ શ્રીજી મહારાજના પરમ ઉપાસક, જીવન પણ અતિ અદ્‌ભુત, પવિત્ર, નિષ્ઠાવાન. કેટલાય ગૃહસ્થના જીવનમાં વૈરાગ્ય પ્રેરીને સાધુ કરી મૂકે એવા એ ભક્ત.

એમના ગામના ગામધણી દરબાર, એમનું નામ આલા ખાચર. આલા ખાચરને નવચંદરી ભેંસ. અચાનક સર્પદંશ થયો અને વિષ ચડ્યું. તુરંત તેના ઉપચારો શરૂ કર્યા. ભેંસ બહુ જ કિંમતી. ઘણા પ્રયત્નો થયા, પણ વિષ ઉતરવાને બદલે વધતુ હતું. ગામના ઘણા લોકો દરબારગઢમાં ભેળા થઈ ગયેલા. જે કોઈ સૂચન કરે એ પ્રમાણે ઔષધ થાય.

ભેંસ ફળિયામાં આડી પડીને તરફડે, તંત્ર-મંત્રને જાણનારાઓ ફકીર-બાવાઓએ દોરા-ધાગાની અજમાયશ કરી. દેશી ઔષધ જાણનારા વૈદોએ ઉપચારો કર્યા. ભેંસ ગુમાવવાની પીડા અને ભેંસની પીડા બંને ન જોઈ શકાય એવી સ્થિતિ. જ્યારે વૈદોએ અને મંત્ર-તંત્રને જાણનારાઓએ એમ કહ્યું કે, 'દરબાર ! હવે ભેંસ નહીં બચે.' ત્યારે દરબારને બહુ દુઃખ થયું.

ગામડામાં રહેતા હોય એમને આ દૃશ્ય તરત જ સમજાઈ જાય. ગામડામાં ગૃહસ્થને ભેંસ એક આવકનું મોટું સાધન હોય, અને પશુ સાથે લાગણી બંધાઈ ગઈ હોય એટલે દુઃખ થાય એ સહજ છે.

જ્યારે લાગ્યું કે હવે ભેંસ નહીં બચે ત્યારે વળી કોઈએ હિંમત કરીને દરબારના કાનમાં કહ્યું, "દરબાર ! એક ઉપાય છે, જો કરો તો." "અરે બાપા, બોલોને!" તો કહે, "આ ભગવાન સ્વામિનારાયણના ભગત દેવરાજબાપા છે, તમે તેને હંમેશા ગાળો દીધી છે, તિરસ્કાર કર્યા છે, અપમાનો કર્યા છે, નડવામાં બાકી નથી રાખ્યું પણ એ બહુ સમર્થ છે. દેવરાજબાપા કોઈને ખેતર કામ કરતાં હોય ત્યારે જો કોઈને વીંછી કરડે, સર્પ કરડે, કોઈ ઝેરી જંતુ કરડે ત્યારે દેવરાજબાપા કૃપા કરીને એ કંઈક કરે છે. ત્યારે વિષ ઉતરી જાય છે. જો તમે એને બોલાવો તો તમારું કામ થાય."

"તો બોલાવોને એમને!"

"એની અને તમારે વચ્ચે ઝઘડો છે, તે અમે કેમ જઈએ? તમે પોતે જાવ."

દરબારને ગરજ હતી. ખૂલ્લા પગે એકદમ દોડતા ભગતને બોલાવવા ગયા. ભગત મંદિરે હતા. શ્રીજી મહારાજની મૂર્તિ સામે બેસીને વચનામૃત વાંચતા હતા.

આલા ખાચરે બૂમ પાડી, "દેવરાજ..." બાપાએ જાણ્યું કે, 'આ દરબારનો અવાજ છે, અહિંયા ક્યાંથી ? વળી નિરાંતે ભજન કરનારાને ક્યાં નડવા આવ્યા હશે.'

એ સમયે આજના જેવા કાયદા ન હતા. ત્યારે ગામધણી સર્વેસર્વા કહેવાય. એની મરજીમાં રહેવું પડે. બાપા એકદમ ઊભા થયા અને જ્યાં બારણું ખોલ્યું ત્યાં આલાવાળા.

"હાં દરબાર..."

દરબાર કહે, "દેવરાજ! મારી ભેંસને સાપ કરડ્યો છે. ખૂબ ઉપચારો કર્યા પણ વિષ ઉતરતું નથી. મરણની ઘડીઓ ગણાય છે. મેં તને બહુ હેરાન કર્યો છે, પણ અત્યારે આવી જા અને જો ઝેર ઉતાર તો તારો આભારી થઈશ."

બાપા કહે, "દરબાર ! આવું ન બોલો."

"ના, આ તો વેણ નાખી જોયું. આવી જા તો સારું."

"હા, અબઘડી આવ્યો હો દરબાર ! તમે જાવ."

ભગતને ખ્યાલ ન રહ્યો કે શું બોલાઈ ગયું ? સામે આલાવાળાએ ચાલતા ચાલતા કહેતા ગયા કે, "જો જો ભગત ! જલદી આવજો."

"હા આવ્યો, હમણા આવ્યો દરબાર !"

દેવરાજબાપાને હા પડાય એવું નહોતુ અને ના પડાય એવું પણ નહોતું. હવે તો જેવી મહારાજની ઇચ્છા. એમ વિચારી ભગતે મંદિરને વાળી-ચોળી રજ ભેળી કરી. પોતાને માથે બાંધવાની જે પાઘડી હોય એને છેડે એ રજને બાંધી. મહારાજની મૂર્તિ સામે જોઈને હાથ જોડીને પ્રાર્થના કરી, "મહારાજ ! હું કંઈ મંત્ર-તંત્ર જાણનારો કોઈ તાંત્રિક નથી, કોઈ વિદ્યાવાન નથી. હું તો તમારો અબુધ એવો સેવક છું. મહારાજ ! લાજ રાખજો. કૃપા કરજો તો સુખે તમારા સંતો-ભક્તો ભજન કરશે અને ગામમાં સુખ થાશે."

દેવરાજબાપા મંદિરની ચરણરજ લઈ ઉતાવળે પગે આવ્યા. હવે મંદિર છેટે હોય, રજ એકઠી કરવી, પ્રાર્થના કરવી એમાં સમય તો જાય. અને આલાવાળા છેલ્લી ઘડીએ આવ્યા હતા. એટલે દેવરાજબાપા પહોંચે એ પહેલા જ ભેંસે પ્રાણ મૂકી દીધા હતા. અર્ધા-પોણા હાથની જીભ બહાર નીકળી ગઈ હતી. આંખ્યો લીલી-કાચ થઈ ગઈ હતી. પેટ ફૂલીને ઢમઢોલ થઈ ગયું હતું. જાણે હાથીનું બચ્ચું પડ્યું હોય એવી ફળિયામાં ભેંસ પડી છે. નિરાશ થઈને ગામલોકો દરબારને આશ્વાસન આપવા ઊભા છે. દરબાર પણ અવાક્ થઈને જોઈ રહ્યા છે.

એ વખતે દેવરાજબાપાએ પ્રવેશ કર્યો, પણ થોડો વિલંબ થયો હતો. એટલે આલાવાળા કહે, "દેવરાજ ! હવે પાછો જા, ભાઈ જા. હવે રેવા દે." પણ દેવરાજાબાપાએ કશું સાંભળ્યું નહીં અને ભેંસની બાજુમાં બેસી ગયા. પાઘડીને છેડે જે ચરણરજ બાંધી હતી તે ખોલી સામે મૂકી. આંખ્યો મીંચી, પલાંઠીવાળી શ્રીજી મહારાજની મૂર્તિનું ધ્યાન કરી રજ લેતા જાય અને ભેંસ ઉપર છાંટતા જાય. અને બોલતા જાય,

"વંદુ સહજાનંદ રસરૂપ અનુપમ સારને લે લોલ.
જેને ભજતા છૂટે ફંદ કરે ભવ પારને રે લોલ."

ગામલોકો જુએ છે કે ભગત આ શું કરે છે ? પણ દેવરાજબાપા તો આંખ્યો મીંચી, કડીએ કડીએ ભેંસના મૃતક શરીર ઉપર મંદિરની રજ છાંટે અને પદ બોલતા જાય.

આખું વાતાવરણ બદલાઈ ગયું. બધાને એમ છે કે શું થશે ? મરેલા તે કાંઈ જીવતા થાય ? ગયા પ્રાણ કંઈ પાછા વળે છે ? પણ કોઈને વિક્ષેપ કરવાની હિંમત નથી.

બોલતા-બોલતાં જ્યાં પાંચ પદ પૂરા થયા ત્યાં પંચેન્દ્રિયોમાં જાણે હલન-ચલન થયું. જ્યાં છઠ્ઠું પદ પૂરું થયું ત્યાં ભેંસે જીભ અંદર ખેંચી લીધી. જીવ આવી ગયો. ભગત તો આંખો મીંચીને બોલ્યે જ જાય છે અને રજ છાંટતા જાય છે. શું થાય છે એ કોઈ પ્રક્રિયાની એને ખબર

નથી. પણ ગામ આખું ગોઠણિયાભર થઈ ગયું કે આ શું કહેવાય ? મંત્ર-તંત્ર જાણનારાઓ, ફકીર-બાવાઓ ઊભા રહી ગયા. મંત્ર ગુપ્ત હોય અને આ તો પ્રકટ વાત ! સૌ સાંભળે એમ બોલે, અને આ શું ચમત્કાર !

સાતમું પદ પૂરું થયું ત્યાં તો ભેંસ બેઠી થઈ ગઈ. આઠમું પદ પૂરું થયું અને ભગતે રજ છાંટીને આંખ ખોલી ત્યારે ભગતની સામે ભેંસ નહોતી. ભેંસ તો ગમાણે ઊભી-ઊભી ઘાંસ ખાતી હતી !

દોડીને આલા ખાચર દેવરાજબાપાના પગમાં પડી ગયા. એ કહે, "દેવરાજ ! તું ખરેખર દેવ છો. મેં અત્યાર સુધી તને પીડ્યો છે એ પાપને માફ કરજે અને મારા ઉપર જો રાજી થયો હોય તો માગ્ય તું. તને જોઈએ અપાવું."

દેવરાજબાપા કહે, "હાં...હાં...હાં... બાપા ! મારે કાંઈ જોતું નથી." મનમાં ઈચ્છે કે નડો નહીં તો બસ છે બાપા ! અમે સુખે ભજન કરીએ છીએ અને ભજન કરવા દ્યો તો સારું છે.

દરબાર કહે, "પણ તે આ શું કર્યું ? મારા ગામમાં જ આવો દેવ જેવો પુરુષ અને હું માનું નહીં ? દેવરાજ ! મારા ખાતર કંઈક માગી લે."

"ના બાપા ! મને હવે જાવા દ્યો. મને અકળામણ થાય છે. મને મારા પ્રભુ પાસે મંદિરમાં બેસવા દ્યો."

"ના, ભાઈ દેવરાજ ! મારે કંઈક આપવું છે." બહુ આગ્રહ કર્યો ત્યારે દેવરાજબાપાએ કહ્યું, "દરબાર ! જો તમારે આપવું જ હોય તો મંદિર માટે થોડી જગ્યા આપો. જ્યારે સાધુ-સંતો આવે છે ત્યારે ભોજન-થાળ બનાવવાની સંકડામણ છે."

દરબારે કહ્યું, "જા આપ્યું. હજી બીજું કાંઈ જોઈએ તો માગી લે."

"ના બસ બાપા."

પછી દરબારે મંદિરને જમીન આપી. ત્યાં સરસ ભંડાર થયો. વાકિયામાં એ મંદિર આજે પણ છે. આ ઐતિહાસિક ઘટના છે.

આજ મારે ઓરડે રે...

'આજ મારે ઓરડે...' આ ચાર પદોની ચોસરમાં સ્વામિનારાયણ સંપ્રદાયની મહત્તા સમાયેલી છે. આજ સુધી ઘરે ઘરે અને મંદિરે મંદિરે સૌથી વધારે ગવાયેલા આ ચાર પદોમાં પ્રેમભક્તિ અને ભગવાન શ્રી સ્વામિનારાયણનું સર્વોપરીપણું પ્રગટ થાય છે. કહેવાય છે કે આ કીતર્નમાં બે પદોની રચના પ્રેમાનંદ સ્વામીએ અને બે પદોની રચના સ્વયં સહજાનંદ સ્વામીએ કરેલી છે. આ કીર્તનની રચના પાછળનો ઈતિહાસ કંઈક આવો છે :

એક સમયે નિષ્કુળાનંદ સ્વામી પ્રેમાનંદ સ્વામીનાં દર્શન કરવા એમની ઓરડીએ પધારે છે. પ્રેમાનંદ સ્વામીને નિષ્કુળાનંદ સ્વામીનાં દર્શન થયાં, તેથી ખૂબ રાજી થયા. બેસવા માટે આસન આપ્યું અને પૂછ્યું, "સ્વામી ! હું આપની શું સેવા કરું ?"

નિષ્કુળાનંદ સ્વામી કહે, "સ્વામી ! આજે હું અહીં તમારાં હૃદયમાં શ્રીહરિ પ્રત્યે રહેલી પ્રેમભક્તિને માણવા આવ્યો છું. આપની કોઈક એવી રચનાનું શ્રવણ કરાવો કે જેમાં પ્રાણપ્યારા પુરુષોત્તમ નારાયણ પ્રત્યે આપની પ્રેમભક્તિનાં દર્શન થતાં હોય."

નિષ્કુળાનંદ સ્વામીની વાત સાંભળી પ્રેમાનંદ સ્વામી રાજી થયા અને કહ્યું, "સ્વામી ! સાંભળો. એક દિવસની વાત છે. અર્ધ રાત્રિનો સમય થયો હશે. શ્રીહરિની મૂર્તિનાં દર્શન વગર મને ચેન પડતું નહોતું, નિદ્રા આવતી નહોતી, તેથી સારંગી લઈ કીર્તન ગાવામાં તલ્લીન થઈ ગયો હતો. એ સમયે સ્વયં શ્રીજી મહારાજ અહીં પધાર્યા અને મારી પાછળ ઊભાં ઊભાં મારાં કીર્તનો સાંભળે. એમ કરતાં આખી રાત્રિ પસાર થઈ ગઈ. સવારે જ્યારે ખબર પડી ત્યારે મને ખૂબ પસ્તાવો થયો. સ્વયં મહારાજ સામેથી મારે ઓરડે પધાર્યા અને એમનું સ્વાગત-સેવા હું ન કરી શક્યો, પૂજા-અર્ચના ન કરી શક્યો, એ વાતનો મને ખૂબ વસવસો રહ્યા કરતો હતો, પરંતુ મહારાજ તો અંતર્યામી છે. એમણે

મારાં મનની કામના જાણી લીધી અને એક દિવસ ફરીથી બપોરના સમયે હું જ્યારે ઓરડીની બહાર ઊભો હતો, ત્યારે પધાર્યા. એ સમયે મારાં અંતરમાંથી ઊઠેલા કાવ્યાત્મક ભાવશબ્દો આ પ્રકારના હતા, 'આજ મારે ઓરડે રે...' 'સજની સાંભળો રે...'

સ્વામી ! આ બે પદો રચાયા એ સમયે મહારાજે ધારણ કરેલાં વસ્ત્ર-અલંકારો વિશે પણ જાણવા જેવું છે.

સુરતના સત્સંગી ભાલચંદ્ર શેઠ મહારાજ માટે બરાસ કપૂરના અલંકારો લઈ આવેલા. પરદેશમાં મળતા આ અલંકારો દેશમાં મહારાજ માટે જ આવેલા.

વાત એમ બની હતી કે, એક વખત સાંજના સમયે ભાલચંદ્ર શેઠ અરદેશર કોટવાળને મળવા ગયા. બન્ને થોડી વાર બેઠા અને વાતો કરી. સંધ્યા સમય થયો એટલે ભાલચંદ્ર શેઠને મંદિરે જવું હતું તેથી રજા માગી. ત્યારે અરદેશરજીએ કહ્યું, "શેઠ ! થોડી વાર બેસો, હમણાં આવું." એમ કહી તેઓ અંદરના ઓરડામાં ગયા અને એક ટોપલો લઈ આવ્યા. અરદેશરજીએ ટોપલો શેઠ આગળ મૂક્યો અને કહ્યું, "શેઠ ! આ કપૂરનાં ઘરેણાં અમારા દેશમાંથી આવ્યાં છે."

ટોપલામાં બહુ જ ઉત્તમ કપૂરનાં હાર, કડાં, બાજુબંધ વગેરે અલંકારો હતાં. અરદેશરજીએ ટોપલા ઉપર રહેલું આવરણ હટાવ્યું એટલામાં તો આખા ઓરડામાં કપૂરની સુગંધ પ્રસરી ગઈ.

ભાલચંદ્ર શેઠ પહેલી વાર કપૂરનાં આભૂષણો જોઈ રહ્યાં હતાં. એમણે આભૂષણો હાથમાં લઈ જોયું, તો ઘણું બારીકાઈથી નકશીકામ કર્યું હતું. આવાં સુંદર આભૂષણોને જોઈ શેઠને તરત જ પોતાના ઇષ્ટદેવ સાંભરી આવ્યા અને મનમાં થયું, 'આ આભૂષણો તો મહારાજને ભેટ ધરાય તેવાં છે.'

શેઠનો સંકલ્પ સાકારિત થતો હોય તેમ અરદેશરજીએ એ ટોપલામાં રહેલાં આભૂષણોમાંથી બે-ચાર વસ્તુઓ શેઠને ઉપહાર તરીકે આપી. ત્યારે શેઠે પોતાનો શુભ સંકલ્પ જણાવતા અરદેશરજીને કહ્યું, "અરદેશરજી ! તમે મારાં મનની વાત પૂરી કરી. આ નવીન અને ઉત્તમ પ્રકારની વસ્તુઓ તો મારા ઇષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણને અર્પણ કરવા જેવી છે."

શેઠની વાત સાંભળી અરદેશરજીએ કપૂરનાં આભૂષણોનો જે ટોપલો હતો તે ભાલચંદ્ર શેઠના હાથમાં આપ્યો અને બોલ્યા, "શેઠજી ! તમારે આ આભૂષણો જો તમારા ભગવાનને અર્પણ કરવા હોય, તો આ બધાં જ લેતા જાઓ અને અમારા વતી તમારા ભગવાનને અર્પણ કરજો. અને શેઠજી ! તમારા ભગવાનની પાસે પ્રાર્થના કરજો કે અમારા દ્વારા સમાજની સેવા અને સદાચારના કાર્યો થતાં રહે એવી કૃપા કરે."

અરદેશરજીનો અનોખો ભાવ જોઈ શેઠ ખૂબ રાજી થયા અને કપૂરનાં આભૂષણોનો ટોપલો લઈ ઘરે આવ્યા. ટોપલો ઘરે મૂકી આરતીનો સમય થયો હોવાથી મંદિરે આવ્યા. આરતી-સ્તુતિ કરી શેઠે ભેગા થયેલા ભક્તોને મહારાજનાં દર્શને જવાની વાત કરી. જોતજોતામાં હરિભક્તો ગઢડા જવા તૈયાર થયા. સહુ ભક્તોએ પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે શ્રીજી મહારાજ માટે ભેટ-સોગાદો સાથે લીધી અને સવારે સંઘે ગઢડા તરફ પ્રયાણ કર્યું.

હરિભક્તોએ ગઢડે આવી શ્રીજી મહારાજની કેસર-ચંદનથી પૂજા કરી કીમતી વસ્ત્રાલંકારોની ભેટ ધરી. ભાલચંદ્ર શેઠે કપૂરનાં શણગાર પહેરાવ્યાં તથા સર્વ સંત-હરિભક્તોને સુરતી મિષ્ટાન્નની રસોઈ આપી જમાડ્યા.

ભાલચંદ્ર શેઠે મહારાજને અરદેશરજીએ આપેલ ભેટની વાત કરી. શ્રીજી મહારાજ અતિ પ્રસન્ન થયા અને બોલ્યા, "શેઠ ! તમારો સંકલ્પ હતો કે કોઈ રાજવી કે અમલદાર સત્સંગી થાય તો સારું. તમારો એ સંકલ્પ અરદેશરજી દ્વારા પૂરો થશે. અરદેશરજી મહાન ભક્ત થશે."

સમય જતા શ્રીહરિનાં વચનો સત્ય ઠર્યાં. અરદેશરજી ભગવાન શ્રીસ્વામિનારાયણના આશ્રિત થયા.

પ્રેમાનંદ સ્વામી પોતાની વાત આગળ ચલાવતા કહે છે, "સ્વામી ! મારે ચાતુર્માસમાં દરરોજ ચાર કીર્તનપદો બનાવીને જ જમવું એવો નિયમ લીધો હતો. મહારાજ ઓરડે આવ્યા તે બે પદો તો જે અદ્‌ભુત દર્શન થયાં હતાં તેનાં વર્ણનનાં કર્યાં, પરંતુ બે બાકી હતાં. ત્રીજા પદની રચનાનો પ્રારંભ કર્યો પણ કશું સૂઝતું નહોતું. બપોરનો સમય થઈ ગયો હતો. સંતોની પંક્તિ પડી ગઈ હતી. તેથી પદ રચવાનું અધુરું રાખી હું ઠાકોરજી જમાડવા ગયો.

મારા ગયા પછી સ્વયં શ્રીજી મહારાજ દિવ્ય સ્વરૂપે પધાર્યા. બે પદ લખેલા કાગળ હાથમાં લીધા. બાજુમા કલમ પડી હતી તે લીધી અને મારાં રચેલા બે પદો ઉપર નજર ફેરવી અને બાકીના બે પદો 'બોલ્યા શ્રીહરિ રે', તથા 'વળી સહુ સાંભળો રે...' સ્વયં શ્રીહરિએ મારાં નામે લખ્યાં. બે પદોની રચના કરીને ફરી મહારાજ અંતર્ધાન થઈ ગયા.

હું જ્યારે જમીને આવ્યો ત્યારે મહારાજ બે પદોને ખરડામાં લખી રાખ્યાં હતાં. સ્વામી ! મારાં રચેલાં પદનાં જ ઢાળમાં શ્રીજી મહારાજે પણ બે પદ રચ્યાં. આ વાત મેં

હજુ સુધી કોઈને કહી નથી.''

નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું, ''ઓહોહો સ્વામી ! ધન્ય છે તમારી પ્રેમભક્તિને ! આ પદોમાં તમારો ભક્તિભાવ અને શ્રીહરિનું સર્વોપરીપણું બન્ને પ્રગટ થાય છે.''

પ્રેમસખીની પ્રેમભક્તિનું વર્ણન કરતાં ચાર પદો આજે સંપ્રદાયમાં અમર થઈ ગયા છે. ઘરે ઘરે પદો ગવાય છે. સંતો પધરામણીએ પધારે ત્યારે પણ આ પદોનું અચૂક ગાન થાય છે.

માણકીએ ચડ્યા રે...



એક સમયની વાત છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ રામનવમીનો સમૈયો કરવા માટે વડતાલ જવા તૈયાર થયા હતા. સમૈયાના સમાચાર ઠેર ઠેર મોકલવામાં આવ્યા હોવાથી વડતાલમાં હજારો હરિભક્તો અને સંતો એકઠા થવાના હતા.

મહારાજના હજૂરી પાર્ષદ નાજા જોગિયા માણેકવર્ણી માણકીને શણગારીને મહારાજ પાસે લાવ્યા. મહારાજ માણકીએ અસવાર થયા. મહારાજ વડતાલ જાય છે એ વાત લાડુબા, જીવુબા વગેરે બહેનોને રુચતી ન હતી, કારણ કે તેઓ મહારાજનાં દર્શન વિના રહી શકતા ન હતા.

એક બાજુ મહારાજ કોઈ રીતે રોકાય એમ ન હતા, બીજી બાજુ લાડુબા અને જીવુબા એમને જવા દેવા માગતા ન હતા.

મહારાજને રોકવા માટે બન્ને બહેનોએ એક અનોખો જ માર્ગ લીધો. બન્ને બહેનો વાસુદેવનારાયણના ઓરડામાં બેસી ધ્યાન કરવા લાગ્યા. ધ્યાનની ગહન અવસ્થાએ એમણે પોતાનાં મન માણકીના મન સાથે જોડ્યા અને કહ્યું, ''માણકી! તારો દેહ પણ સ્ત્રીનો છે અને અમારો દેહ પણ સ્ત્રીનો છે. સ્ત્રીની વેદનાને સ્ત્રી જ સમજી શકે. તું ગમે એમ કરીને આજે મહારાજને વડતાલ જતાં રોકી લે!''

બન્ને બહેનોની વાતને માણકીએ સ્વીકારી લીધી અને દાદાના દરબારગઢમાં કો'દિવસ ન બની હોય એવી અદ્‌ભુત ઘટના બની. માણકીએ અસવાર થયેલા મહારાજ દરબારગઢને દરવાજે પહોંચ્યા, પણ માણકી ફરંગટી ખાઈને પાછી વળી અને વાસુદેવનારાયણના ઓરડા સામે મુખ રાખીને ઊભી રહી ગઈ ! મહારાજે ફરીથી માણકીને દરવાજા તરફ વાળી, પરંતુ માણકી ફરીથી દરવાજેથી પાછી વળી અને વાસુદેવનારાયણના ઓરડા પાસે પહોંચી ગઈ. આમ ત્રણ વાર બન્યું.

મહારાજનું મન ગણાતી માણકી આજે મહારાજનું માનતી ન હતી. મહારાજ હાથમાં નેતરની સોટી રાખતા, પરંતુ એમણે ક્યારેય એ સોટી માણકીને અડાડી પણ ન હતી, કારણ કે એવી જરૂરિયાત જ ઊભી થઈ ન હતી. આજે મહારાજે માણકીને સોટી મારી, પરંતુ માણકી એક પણ ડગલું આગળ માંડવાનું નામ લેતી ન હતી.

અંતર્યામી મહારાજ શું થઈ રહ્યું છે, એ સમજી ગયા હતા. મહારાજે વિચાર્યું કે, 'જ્યાં સુધી જીવુબા અને લાડુબા રાજી થઈને રજા નહીં આપે ત્યાં સુધી હવે મારાથી વડતાલ નહીં જવાય.'

સર્વતંત્ર સ્વતંત્ર મહારાજ આજ પ્રેમી ભક્તજનોના પ્રેમથી પરાધીન થઈ ચૂક્યા હતા.

આખરે મહારાજે એક પગ પેગડામાં રાખ્યો, બીજો પગ વાસુદેવનારાયણના ઓરડાની ઓસરીએ મૂક્યો અને બોલ્યા, ''બહેનો ! હવે તો તમે રાજી થઈને રજા આપશો તો જ આ માણકી ચાલશે, નહીંતર નહીં ચાલે !''

પ્રેમની રીત ન્યારી છે. મહારાજની મરજીને લાડુબા અને જીવુબા જાણતા હતા. બન્નેએ વિચાર્યું કે, 'મહારાજને બળજબરીથી રોકવા એ ભક્તિની રીત નથી.'

બન્ને બહેનો ઓરડામાંથી બહાર આવ્યાં અને હાથ જોડીને બોલ્યા, ''મહારાજ ! અમારી મનોસ્થિતિ આપ જાણો છો. આપને રોકી રાખવા એ બળજબરી કહેવાય અને જાવ કહીએ તો અવિવેક ગણાય. પ્રભો ! અમારી એટલી જ વિનંતી છે કે, રામનવમીના દિવસો નજીક છે. આપ સુખેથી વડતાલ પધારો પણ સમૈયો પૂરો થાય એટલે

વહેલાસર પાછા ગઢપુર પધારજો.''

ભક્તાધીન ભગવાનને ભક્તોની રજા મળી, એટલે માણકી પવનવેગે વડતાલ તરફ રવાના થઈ. દાદાના દરબારગઢમાં ઉપસ્થિત અનેક સંતો અને ભક્તો આ અદ્‌ભુત પ્રસંગના સાક્ષી બન્યા.

આ સમયે પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી પણ હાજર હતા. એમણે આ દિવ્ય પ્રસંગ નજરે નિહાળીને ઐતિહાસિક કીર્તન રચ્યું હતું...

માણકીએ ચડ્યા રે મોહન વનમાળી,
શોભે રૂડી કરમાં લગામ રૂપાળી...મા.
માણિગર સૌને કહે છે થાઓ ત્યાર,
મુનિ વર્ણી પદાતિ ને અસવાર;
વ્રતપુરી જાવા કર્યો નિરધાર... માણકીએ..૧
કેસર બેરી બોદલી ને ફૂલમાળ,
તાજણ તીખી વાંગળીનો ઘણો તાલ;
શોભે ઘણા વહાલા લાગે છે મરાલ...માણકીએ..૨
પ્રેમી ભક્ત વિનતી કરે દોડી દોડી,
લોહચુંબક તુલ્ય વૃત્તિ મૂરતિમાં જોડી;
નથી જાતી દરબારમાંથી ઘોડી... માણકીએ..૩
આજ્ઞા આપો અમે જઈએ વ્રતપુરી,
જાઓ પ્રભુ રામનવમી નથી દૂરી;
સેવક દાસ પ્રેમાનંદ હજૂરી... માણકીએ..૪

ગઢપુરવાસીઓએ ભગવાન શ્રી સ્વામિનારાયણને નિર્મળ પ્રેમથી વશ કરી લીધા હતા.

બિસર ન જાજો મેરે મીત

અવતારોના ઇતિહાસમાં બનેલી એક અજોડ ઘટના છે. ભગવાન સ્વામિનારાયણે ઘોષણા કરી દીધી છે કે 'હવે આવતી જેઠ સુદી દશમીના દિવસે અમે અમારા ધામમાં જઈશું.'

એમણે પોતાનું અવતારકાર્ય પૂર્ણ થયું માની પૃથ્વી પરથી વિદાય લેવાની તૈયારી કરી છે. અક્ષરઓરડીએ સંતો ભક્તો ભેગા થયા છે. જે સંતો ભક્તોને માટે જીવનપ્રાણ શ્રીહરિ જ હોય તે શ્રીહરિ જ્યારે કાયમી વિદાયની વાત કરે તે કોઈથી સહન થઈ શકે તેવી વાત નહોતી.

શ્રીહરિને થયું કે આમાંથી ઘણા આપઘાત કરશે. એટલે સભામાં બેઠેલા એક એકને બોલાવી પોતાનાં ચરણ ઉપર હાથ રખાવી સમ દીધા કે 'અમારી પાછળ મરશે તે ગુરુદ્રોહી અને વચનદ્રોહી કહેવાશે.' શ્રીહરિએ સમની બેડીએ પ્રેમીઓને બાંધ્યા. શ્રીહરિની વિદાયની વાતે જાણે સહુ ઉપર વજાઘાત થયો હોય તેવી અનુભૂતિ થઈ.

એમાં પણ મહાપ્રેમી સંત પ્રેમાનંદ સ્વામી માટે તો આ વિરહની વાત અતિ અસહ્ય હતી. પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી માટે એ જ અગમ-અગોચર કરુણાએ કરીને નયનગોચર વર્તે છે અને હવે તે નયનોને અગોચર થવાની ઘોષણા કરે છે. પ્રેમસખી જેવા પ્રેમાળ સંતો આ વાત કઈ રીતે સહન કરી શકે ?

આ ઐતિહાસિક અને કરુણાપૂર્ણ પ્રસંગે પ્રેમાનંદ સ્વામીના અંતરમાંથી કીર્તન ઊઠ્યું. એમની સારંગીમાંથી કરુણ ચિત્કારસભર સ્વરો ઊઠ્યા અને કંઠમાંથી વિરહવેદના ભરેલાં કીર્તનની સરવાણી વહી :

બિસર ન જાજો મેરે મીત,
યહ વર માગું નિત...
મેં મતિમંદ કછું નહીં જાનું, નહીં કછું તુમ સે હિત,
બાંય ગ્રહે કી બાજ હે તુમકું, તુમ સંગ મેરી જીત...
દીનબંધુ અતિ મૃદુલ સુભાઉં, ગાઉં મૈં નિશદીન ગીત,
પ્રેમસખી સમજુ નહીં ઊંડું, એક ભરોસોં ચિત્ત...

સ્વામીના આ કીર્તનમાં પ્રેમ અને શરણાગતિનો અનુપમ સંગમ છે. આ કીર્તનમાં એક બાજુ વિરહીની વેદના અને અને બીજી બાજુ શરણાગતની દીનતા છે. ભગવાન સ્વામિનારાયણની પૃથ્વી ઉપરથી છેલ્લી વિદાયની વાત હોવા છતાં, આ પદ શોકની ગમગીનીથી ભરેલું સોગિયું પદ નથી, પણ વિરહથી સભર ભક્તિનું પદ છે.

જગતમાં કોઈની કાયમી વિદાય થાય ત્યારે સ્નેહીજનો ભારે ઉદાસ અને શોકાતુર થાય છે. શ્રીહરિની આ વિદાય કાયમી જણાય છે છતાં એ વિદાય દુન્યવી જેવી કાયમી નથી, કારણ કે પરમાત્મા શાશ્વત છે, એને જન્મ-મરણ નથી. એટલે તો શાસ્ત્રો એમના જન્મ માટે 'પ્રાગટ્ય' અને વિદાય માટે 'અંતર્ધાન' શબ્દોનો પ્રયોગ કરે છે.

આ કીર્તન સંભવિત વિરહની વેદનામાંથી પ્રગટ્યું છે. કૃષ્ણ મથુરા જવા તૈયાર થયા ત્યારે ગોપીઓ જે રીતે રડી છે, તે જ રીતે ભગવાન સ્વામિનારાયણ અક્ષરધામ જવા તૈયાર થયા ત્યારે પ્રેમાનંદ સ્વામી ચોધાર આંસુએ રડ્યા છે.

શ્રીહરિ જાણે છે કે કદાચ બીજા પોતાની જાતને સંભાળી શકશે, પરંતુ પ્રેમસખીનું શું થશે ! માટે એમને પાસે બોલાવી શ્રીહરિ કહે, 'પ્રેમસખી ! બોલો તમારે શું જોઈએ છે ? માગો તે આપું !'

જવાબમાં પ્રેમસખીના અંતરમાંથી પંક્તિ ઊઠી છે, 'બિસર ન જાજો મોરે મિત, એહી વર માગું હું નિત.'

સજની શ્રીજી મુજને સાંભર્યા રે...

પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી સ્વામિનારાયણિય પરંપરાના ઉત્કૃષ્ટ કવિ હતા. સ્વામીની કાવ્યરચનાઓમાં મોટા ભાગની ભક્તિથી ભરપૂર અને ભાવોર્મિથી છલકાતી રચનાઓ છે. એમની ભક્તિની ઊંચાઈ એટલી બધી હતી કે તેઓ ભક્તિપદોનું ગાયન કરતાં કરતાં ભાવવિભોર થઈ જતા અને દેહનું વિસ્મરણ થઈ જતું. પ્રેમાનંદજીની રચનાઓનો ઊંડો અભ્યાસ કરતાં તારણ નીકળે છે કે નરસિંહ મહેતા, મીરાંબાઈ તથા દયારામની રચનાઓથી એમની રચનાઓ સહેજ પણ ઊતરતી નથી. 'સજની શ્રીજી મુજને સાંભર્યા રે...' જેવાં પદોમાં એમનો ગોપીભાવ સહજ પ્રગટે છે.

સંવત્ ૧૮૮૭ની કાર્તિકી પૂર્ણિમાનો ઉત્સવ વડતાલ ખાતે ઊજવાયો. હજારો સત્સંગીઓ વડતાલ આવ્યા હતા. ગઢડા, અમદાવાદ, જૂનાગઢ વગેરે મંદિરોમાંથી અનેક સંતો પણ પધાર્યા હતા. શ્રીહરિ સ્વધામ સિધાવ્યા પછીનો આ પ્રથમ ઉત્સવ હતો. સહુ શોકમગ્ન હતા. કોઈ કોઈને ધીરજ આપી શકતું નહોતું. એ વખતે ભરાયેલી સભામાં આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે ઉપસ્થિત પ્રેમાનંદ સ્વામીને કહ્યું, "સ્વામી ! મેં સાંભળ્યું છે કે જ્યારથી મહારાજ ધામમાં ગયા છે, ત્યારથી આપે સારંગી કે સિતારનો સ્પર્શ નથી કર્યો ? સ્વામી ! આવું ન કરો. તમારાં કીર્તનોની પ્રેમધારા તો હજારો દિલને શાંતિ આપનારી છે. આપ કીર્તન ગાશો તો અહીં ઉપસ્થિત સંતો ભક્તોના હૈયાં ધૈર્ય ધારણ કરશે અને આપનાં અંતરમાં પણ શ્રીહરિની સ્મૃતિ સચવાઈ રહેશે."

આચાર્ય મહારાજની સાથે મોટા સંતો પણ ભળ્યા, બધાની વિનંતીથી સ્વામીએ સારંગી પાછી હાથમાં લીધી. શોકમગ્ન સભામાં સારંગી જાણે રડી ઊઠી. સ્વામીએ ખરજ રાગમાં ગાવા માંડ્યું :

સજની શ્રીજી મુજને સાંભર્યા રે,
હૈડે હરખ રહ્યો ઊભરાય; સજની...
નેણે આંસુની ધારા વહે રે,
વિરહે મનડું વ્યાકુળ થાય...
એ છબી જોવા તલપે આંખડી રે,
મધુરાં વચન સાંભળવા કાન...
એ હરિ મળવાને હૈડું તપે રે,
પ્રેમાનંદના જીવનપ્રાણ...

ચાર પદો પૂર્ણ થયાં ત્યારે આખી સભા વિરહના સાગરમાં ડૂબી ગઈ હતી. અસંખ્ય આંખોમાંથી આંસુની ધારાઓ વહી રહી હતી. કોઈ એવું હૈયું નહોતું કે જેણે ધીરજ ધરી રાખી હોય !

પ્રેમાનંદ સ્વામી કેવા સંત ! શ્રીહરિ સાંભરી આવતાં હૈયું આનંદથી છલકાઈ જાય છે, પરંતુ દર્શન ન થતાં વ્યાકુળ થઈ જવાય છે. પ્રિતમના વિયોગે ફરી મન રડી ઊઠે છે. વિયોગ અવસ્થામાં પ્રિયતમનું સ્મરણ જ વિરહના દુઃખની એકમાત્ર દવા છે. વિરહાગ્નિમાં બળતા હૃદયને એનાથી શાતા મળે છે. માટે જ પ્રેમાનંદ સ્વામી આ પદમાં શ્રીહરિનાં સ્વરૂપનું તથા એમના રસશૃંગારનું સ્મરણ કરી દુઃખી હૈયાને સાંત્વના આપે છે.

શ્રીહરિના સ્વરૂપ સ્મરણની સાથે પ્રભુનો રસશૃંગાર તથા ચેષ્ટાઓ પણ સ્વામીને યાદ આવે છે. મૂર્તિની રમણીયતા, હાથનાં લટકાં, અમૃત સરખી વાણી, હેત ઉપજાવનારું હાસ્ય વગેરે ચેષ્ટાઓ સાંભરી આવે છે. તથા શ્રીજી મહારાજ મોટે ભાગે શ્વેત વસ્ત્રો જ ધારણ કરતાં હતાં, કોઈક વાર ભક્તોના પ્રેમને વશ થઈ જરકસિયા વસ્ત્રો પણ પહેરતાં. આવી સૂક્ષ્મ ખાસિયતને પણ સ્વામી ભૂલ્યા નથી. શ્રીહરિની સુંદર મૂર્તિના સ્મરણ પછી પ્રેમાનંદ સ્વામીની આતુર આંખડી એ છબીના પ્રત્યક્ષ દર્શનની અભિલાષા ઝંખ્યા કરે છે.

આમ પ્રેમાનંદ સ્વામીના હૈયાફાટ વેદનાથી ભરેલા શબ્દો પથ્થરને પણ પિગળાવે એવા છે.

પ્રેમસખીએ આ સમયે રચેલાં ચાર પદો સંપ્રદાયમાં અતિ પ્રસિદ્ધ છે,

પદ - ૧ સજની શ્રીજી મુજને સાંભર્યા રે...
પદ - ૨ મનડું મૂર્તિમાં વળગી રહ્યું રે...
પદ - ૩ સજની નિમખ ન વિસરે નાથજી રે...
પદ - ૪ લટકાં લટકાળા ઘનશ્યામનાં રે...

આ ચારેય પદોમાં પ્રેમસખીએ શ્રીજી મહારાજની લીલા તથા પ્રસાદીના સ્થાન અને પદાર્થોનું ભાવવાહી વર્ણન કરેલું છે.

કવીશ્વર દલપતરામ નોંધે છે કે, "એક વાર ગઢપુર ખાતે વિશાળ સમૈયો ભરાયો હતો. બન્ને આચાર્યો અને સંતો-હરિભક્તોનો વિશાળ સમુદાય હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણની ગેરહાજરીથી બધાને સૂનું સૂનું લાગતું હતું. આ સભામાં આચાર્ય મહારાજે પ્રેમસખીને કીર્તનો બોલવા વિનંતી કરી. પ્રેમસખી પ્રેમાનંદ સ્વામીએ પોતાની સારંગી ઉપર વિરહના સૂર છેડ્યા. સભામાં ટાંકણી પડે તોય સંભળાય એવી સ્તબ્ધતા અને શાંતિ પથરાયાં હતાં. પ્રેમાનંદ સ્વામીના કંઠેથી ગઢપુર લીલાનાં..."સજની શ્રીજી મુજને સાંભર્યા..." એ પદો ગવાઈ રહ્યાં હતાં. એ

સભામાં એક પણ આંખ એવી ન હતી કે જેમાંથી શ્રાવણ-ભાદરવો વરસતા ન હોય. સમસ્ત સભા વિરહસાગરમાં ડૂબી ચૂકી હતી. આશ્ચર્યની વાત એ હતી કે કીર્તન બોલતાં બોલતાં પ્રેમસખીનો કંઠ રૂંધાઈ ગયો, હાથમાંથી સારંગી વગાડવાની કામઠી હેઠી પડી ગઈ અને પ્રેમસખી બેભાન થઈ ઢળી પડ્યા!''

કવીશ્વર દલપતરામ લખે છે કે, ''આ પ્રસંગનો હું સાક્ષી હતો.''

દલપતરામ વિક્રમ સંવત્ ૧૯૦૫માં પ્રેમાનંદ સ્વામીને મળ્યા હતા. ત્યારે એમને સ્વામીની ઉંમર ૭૦ વર્ષ જેટલી લાગી હતી.

કનૈયાલાલ મુનશી કહે છે, ''સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી ભક્તિ-સાહિત્યની દૃષ્ટિએ સ્વામિનારાયણ પંથમાં મોટા કવિ છે. એટલું જ નહિ, પરંતુ નરસિંહ મહેતા પછી મધ્યકાળના સાહિત્યમાં જો કોઈના કાવ્યોમાં શુદ્ધ ભક્તિની આંચ દેખાતી હોય તો તે આ પ્રેમાનંદમાં છે.''

આ સંતકવિએ ભક્ત કવિશ્રી દયારામને રાગોની પસંદગી તેમજ ભક્તિમય પદોને પાંગરવા માટે અનેક અનુકરણીય ઉદાહરણો પૂરા પાડ્યાં હતાં.

મહાકવિ ન્હાનાલાલની ઘણી રચનાઓમાં પ્રેમસખીની રચનાઓનો પ્રભાવ વર્તાય છે.

ગાંધીજીની આશ્રમ ભજનાવલિમાં પ્રેમસખીના ત્રણ પદો પસંદગી પામ્યાં છે.

"હો રસિયા મૈં તો શરણ લીધી તિહારી"

"મૈં તો બિરુદ ભરોસે બહુનામી "

"બિસર ના જાજો મોરે મિત"

પ્રેમનો અંતરંગ પ્રવાહ

આચાર્યો કહે છે - देवविषयिणी रतिर्भक्तिः । રતિનો જે પ્રવાહ દેહ પ્રત્યે વહે છે તે દેવ પ્રત્યે વહેતો થઈ જાય તો 'રતિ' ભક્તિ બની જાય. જડ પ્રત્યે વહેતો રતિનો પ્રવાહ પરમ ચેતન તરફ વહે તો એ ભક્તિ થઈ જાય. સ્થૂળ પ્રત્યે વહેતો રતિનો પ્રવાહ સૂક્ષ્મ તરફ વહે તો એ ભક્તિ થઈ જાય. સંસારીઓની રતિનો પ્રવાહ અધોગામી છે. ભક્તની રતિનો પ્રવાહ ઊર્ધ્વગામી છે. અધોગામી પ્રેમના પ્રવાહનું ઊર્ધ્વીકરણ કરવું એ જ સાચી સાધના છે. પ્રેમાનંદ સ્વામી એક એવા ભાગ્યવંત સંત છે કે એમના પ્રેમનો પ્રવાહ સંપૂર્ણપણે ઊર્ધ્વીકરણને પામેલો છે.

આકાશમાં પૂર્ણિમાનો ચંદ્ર સોળે કળાએ ખીલે એમ આ સંતના હૃદયાકાશમાં પ્રેમનો ચંદ્ર સોળે કળાએ ખીલ્યો છે. ચંદ્રમાંથી વરસતી ચાંદનીની પેઠે સ્વામીના અંતરમાંથી કીર્તનની અમીધારાઓ વરસે છે. આ અમીધારાઓના અનેક પ્રવાહો છે, જેમાંનો એક પ્રવાહ વિપ્રલંભ શૃંગાર, જે આપણને સહુને રસતરબોળ કરી દે છે.

એક સમયની વાત છે. ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં મેઘલી રાતે સામ્રાજ્ય જમાવ્યું છે, તમરાંનાં અવાજો વધારે પ્રફુલ્લિત બન્યા છે, વાતાવરણ સૂનકાર છે. દાદા ખાચરનો દરબાર અને ગઢપુરની ગલીઓ ભગવાન શ્રીહરિની સાથે જાણે પોઢી ગયાં છે. ચારેકોર નીરવ શાંતિ પથરાયેલી છે. પણ... એક જગ્યાએ નાનો દીવો બળે છે અને એ દીવા સાથે સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીનું હૃદય પણ શ્રીહરિના વિરહમાં તપી રહ્યું છે.

દાદાના દરબારમાં રહેલી હજારો આંખોમાં નિદ્રા છે, જ્યારે પ્રેમાનંદ સ્વામીની આંખોમાં વિરહની વેદના ભરાઈ છે. એ વેદના એટલી પ્રચુર છે કે આંખોમાંથી આંસુઓની ધારાઓ વહી રહી છે. આમ તો હજુ એ આંખોએ સાંજે જ શ્રીહરિનાં દર્શન કર્યાં હતાં, પરંતુ રાત્રિના અંધકારમાં પ્રેમાનંદ સ્વામીની એ આંખોને ફરી દર્શન કરવાની તડપ જાગી છે, પરંતુ મહારાજ તો અક્ષરઓરડીમાં પોઢ્યા છે, તેથી દર્શનની શક્યતાઓ નથી. માટે પ્રેમાનંદ સ્વામી છેવટે સારંગી હાથમાં લે છે અને હૃદયને વિરહની વેદનામાંથી ઉગારવા કીર્તનનો સહારો લે છે.

સારંગીમાંથી ઘૂંટાઈ ઘૂંટાઈને સૂરો નીકળવા લાગ્યા.

કંઠમાંથી ભીંજાઈ ભીંજાઈને ભક્તિરૂપી કીર્તન નીકળવા લાગ્યાં અને આંખોમાંથી વલોવાઈ વલોવાઈને પ્રેમાશ્રુઓ નીકળવા લાગ્યાં. એક કડી... બે કડી... અક્ષરઓરડીએ ભગવાન શ્રીહરિની નિદ્રા જાણે હરી લીધી. શ્રીજી મહારાજને ચેન પડતું નથી. પ્રભુ ઊઠ્યા અને પ્રેમસખીની ઓરડીએ આવ્યા અને એમની પાછળ ઓસરીની થાંભલીને ટેકો દઈ ખડા થઈ ગયા!!!

બે આંખોમાંથી વહેતાં આંસુઓએ ચાર આંખોમાં સ્થાન લીધું. પ્રેમાનંદ સ્વામી ગાયનમાં લીન છે, તો શ્રીજી સાંભળવામાં તલ્લીન છે. બન્નેને સમય અને સ્થાનનું ભાન નથી, બન્ને એક થઈ ગયા છે અને એમ ને એમ સવાર પડી જાય છે!

ચહલપહલ થતાં પ્રેમાનંદ સ્વામીનું ધ્યાન ભંગ થાય છે, કીર્તન પૂરાં થાય છે અને પાછળ જુએ છે તો નેહ નીતરતા શ્યામસુંદર પ્રિયતમ શ્રીહરિને જુએ છે. બન્ને જણા ભેટી પડે છે અને પ્રેમાનંદજીના વિરહને શાતા મળે છે. એ સમયે પ્રેમાનંદ સ્વામીના કંઠે ગવાયેલાં કીર્તનોમાંથી એક હતું :

દરસ બિના મોરે તરસત નેના; દરસ બિના...
પ્રેમાનંદ ઈન નૈનનકે આગે, કબ દેખું સુખદેના...

ઉનાળાનો ધોમધખતો તાપ સહન કરીને તડપતી રણની ભૂમિ જે રીતે વર્ષાઋતુની રાહ જોતી હોય એ રીતે શ્રીહરિનાં દર્શન વિના તડપતા પ્રેમાનંદ સ્વામીના દિવસો સુખમાં તો રાત્રિ વિરહમાં પસાર થતી. નેણે નિદ્રા લીધી નહોતી. સ્વામીના અંતરંગ પ્રેમના પ્રવાહ જેવા આવા તો અનેક પ્રસંગો બન્યા છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણના અક્ષરવાસ બાદ પ્રેમસખીના વિરહનું વર્ણન કરવું અશક્ય છે. પ્રેમસખી રોજ પ્રાતઃકાળે અક્ષર ઓરડીની ઓસરીમાં બેસી પ્રભાતિયાં કીર્તન બોલતા. પ્રેમસખી સારંગીના સૂરે ભગવાન શ્રી સ્વામિનારાયણને જગાડતા.

મહારાજના અંતર્ધાન થયા બાદ બીજા જ દિવસે પ્રેમસખી પોતાની સારંગી લઈને અક્ષરઓરડીની ઓસરીએ પધાર્યા અને કીર્તન શરૂ કર્યું. પ્રેમઘેલા પ્રેમસખી વિસરી ગયા હતા કે, 'હું જેને જગાડવા માગું છું, તે શ્રીહરિ તો અંતર્ધાન થઈ ચૂક્યા છે.'

કોઈ સંતે આવી પ્રેમસખીને સચેત કર્યા અને કહ્યું, "સ્વામી! તમે જેને જગાડવા માટે કીર્તન ગાવ છો, એ શ્રીહરિ હવે આ લોકમાં નથી રહ્યા."

પ્રેમસખીને વાસ્તવિકતાનું ભાન થયું અને એ જ સમયે બેભાન થઈને ધરણી ઉપર ઢળી પડ્યા.

પેલા સંતે દોડતા જઈને ગોપાળાનંદ સ્વામીને ખબર કરી. સ્વામી દોડતા આવ્યા, અન્ય સંતો પણ ભેગા થઈ ગયા. ગોપાળાનંદ સ્વામીએ બેશુદ્ધ થયેલા પ્રેમસખીને ભાનમાં આણ્યા અને ખૂબ ધીરજ આપી.

પ્રેમમૂર્તિની ધીરજ લાંબી ટકી શકે તેમ ન હતી. એમણે વિરહનું પદ ઉપાડ્યું :

આવું નો'તું કરવું નાથજી રે, ચાલ્યા મારગડામાં મેલી નાથ...

પ્રેમસખીની સારંગીમાંથી ઊઠતા વિરહના સ્વરો પાષાણને પણ પિગળાવે તેવા હતા. પ્રેમસખીનું આ છાતીફાટ રુદન સાંભળીને ઉપસ્થિત સર્વ સમુદાય પણ વિરહસાગરમાં ડૂબી ગયો.

અક્ષરવાસ

સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીનો નિત્યનિવાસ ગઢપુરમાં છે. ગઢપુરમાં એ સમયે મંદિરનો વ્યવહાર પરમાનંદ સ્વામી સંભાળતા હતા. પરમાનંદ સ્વામી ખૂબ સાધુતાએ સંપન્ન સંત હતા, પરંતુ વ્યવહાર મોટો હોવાથી પહોંચી વળતા નહોતા. સ્વામીને કેટલીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો.

પરમાનંદ સ્વામીએ પોતાની મુશ્કેલીની વાત આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજને જણાવી. રઘુવીરજી મહારાજ ગઢપુરનો વ્યવહાર સારી રીતે સંભાળે એવા ગૃહસ્થને શોધી રહ્યા હતા. એવામાં મહારાજશ્રીની નજર ભાલ પ્રદેશના અણિયાળા ગામના વણિક પૂજા શેઠ ઉપર ઠરી. મહારાજશ્રીએ શેઠને કહ્યું, "શેઠ! તમે ગઢપુર મંદિરનો વહીવટ સંભાળો."

સ્વયં આચાર્ય મહારાજે આજ્ઞા કરી એટલે નિષ્ઠાવાન પૂજા શેઠ પોતાની પાસે રહેલ તમામ મૂડી સાથે લઈ ગઢપુર આવ્યા. પોતાનું તન-મન-ધન સર્વસ્વ ગોપીનાથજી મહારાજના ચરણોમાં સમર્પિત કર્યું અને મંદિરની સેવામાં લાગી ગયા. શેઠની બુદ્ધિશક્તિ, વ્યવહારશક્તિ અને હૃદયના શુદ્ધ ભાવને લીધે મંદિરના વહીવટમાં ખૂબ સુધારા થયા. મંદિરનો વ્યવહાર સુચારું ચાલવા લાગ્યો.

એક દિવસ પૂજા શેઠની સેવામાં વિઘ્ન આવ્યું. પોતાની નિષ્ઠા, સમર્પણ કે સેવામાં કોઈ ખામી નહોતી. પરંતુ પોતે કાનના કાચા હતા તે પરિણામ ભોગવવું પડ્યું.

એ સમયે ગઢપુરમાં ઘણા સંતો નિવાસ કરતા હતા. એમાંથી કોઈને સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામી ઉપર થોડો ઈર્ષાભાવ ખરો. તેથી તેઓએ પૂજા શેઠને ગોટે ચડાવ્યા કે, "શેઠ! આપના આવવાથી મંદિરનો વ્યવહાર ખૂબ સુધર્યો છે, પરંતુ હજું થોડી ખામી રહી જાય છે. જો એ સુધરી જાય

તો તમારી સેવા લેખે લાગે.''

આવા મીઠા મીઠા શબ્દો કહી પોતાના અંતરમાં સળગતું હતું તે ઓકયું, ''શેઠ ! સંતોના જીવન એક સરખા છે. સહુને એકસરખી રીતભાત છે. અમો સહુ પંક્તિમાં સાથે જમીએ છીએ, પરંતુ એક યોગ્ય ન લાગે તેવી પણ વાત છે કે, પ્રેમાનંદ સ્વામી પોતાનાં આસને નિત્ય એકલા જમે છે. ગોપીનાથજી મહારાજનો થાળ પ્રથમ તેમને આસને જાય છે અને પછી મોટીબા પાસે. સાધુને એકલા જમવું તે રસાસ્વાદ કહેવાય અને આ રીત પણ સત્સંગની પ્રથાથી વિરુદ્ધ કહેવાય. માટે એ બંધ કરાવો તો સારું.''

નિષ્ઠાવાન પૂજા શેઠ વિવેક ન જાળવી શક્યા. તેઓ પ્રેમાનંદ સ્વામીને મળ્યા અને પૂછ્યું, ''સ્વામી ! તમે આસને એકલા જમો છો ?''

પ્રેમાનંદ સ્વામીએ તો બાળસહજ સ્વભાવે 'હા' પાડી અને કહ્યું, ''મોટીબા થાળ મોકલાવે છે ને હું જમું છું. આ ક્રમ વર્ષોથી ચાલે છે.''

પૂજા શેઠ કહે, ''સ્વામી ! આપણે અહીં સમૂહજીવન છે. સમૂહજીવનમાં સાથે રહેવું સારું. તમારા એકલા માટે જમવાની જુદી વ્યવસ્થા થાય એ બરાબર ન કહેવાય. માટે હવેથી તમારે દરરોજ પંક્તિમાં આવી જમી લેવું. કાલથી તમારે આસને થાળ નહીં આવે.''

પૂજા શેઠની વાત સાંભળી સ્વામી કાંઈ બોલ્યા નહીં. શેઠ જતા રહ્યા.

બીજે દિવસે ક્રમ મુજબ મોટીબાએ થાળ મોકલ્યો, પરંતુ પ્રેમાનંદ સ્વામીએ જમવાની ના કહી.

સેવકોએ મોટીબાને કહ્યું, ''આજે સ્વામી ન જમ્યા.''

મોટીબાએ કારણ તપાસ્યું તો સમાચાર મળ્યા કે, પૂજા શેઠે સ્વામીને આસને જમવાની ના પાડી છે તેથી જમ્યા નથી. આજકાલના આવેલા શેઠનો અવિવેક જાણીને મોટીબા ખૂબ નારાજ થયા અને સહજ મુખમાંથી શબ્દો સરી પડ્યા, ''પૂંજો એટલે કચરો... તેને આ બાબતમાં શું ખબર પડે ? એ તો હમણે આવ્યા છે અને મને તો મહારાજ ધામમાં ગયા ત્યારે આજ્ઞા કરતા ગયા છે કે, પ્રેમાનંદ સ્વામીને જમાડીને જમજો.''

પ્રેમાનંદ સ્વામી ન જમ્યા એટલે દુઃખી થયેલાં મોટીબા પણ ન જમ્યાં. વાત વાયુવેગે પ્રસરી. પૂજા શેઠને ભારે પસ્તાવો થયો. તેઓ પ્રથમ પ્રેમાનંદ સ્વામી પાસે ગયા અને માફી માગી. પછી મોટીબાની પણ માફી માગી.

ઘટના ઘટી, સમાધાન થયું, પરંતુ પ્રેમાનંદ સ્વામીને હવે જગત ઝેર બની ગયું. વહાલાના વિરહે ઝૂરતા સ્વામી માટે દેહ અને દુનિયા વેરાન વન જેવી લાગવા મંડી. અન્નજળ છૂટી ગયા. પછી જે થવાનું હતું તે થયું.

સં.૧૯૧૧ના કારતક વદ ૩૦ અમાસને દિવસે સવારે દસ વાગે સ્વામી બોલ્યા, ''મહારાજ અનંત મુક્તો સાથે મને તેડવા આવ્યા છે. હું શ્રીહરિની સેવામાં જાઉં છું.'' એમ કહી આંખો મીંચી ગયા.

આમ પ્રેમાનંદ સ્વામી ૭૬ વર્ષની ઉંમરે પંચભૌતિક દેહનો ત્યાગ કરી મહારાજની સેવામાં પહોંચી ગયા.

પ્રેમમૂર્તિ પ્રેમાનંદ સ્વામીનાં શ્રીચરણોમાં કોટી કોટી વંદના... પ્રેમી ભક્તોના ઈતિહાસમાં પ્રેમસખીનું જીવન અજોડ છે. એમનો અમરપ્રેમ આજે પણ કીર્તનોની પાવનકારી ધારાઓમાં વહી રહ્યો છે.

સ્વામીની રચનાઓ

પ્રેમસખીએ વ્રજભાષામાં આશરે સાત હજાર અને ગુજરાતીમાં આશરે ત્રણ હજાર પદોની તેમજ અનેક ગ્રંથોની રચના કરેલી છે. પ્રેમાનંદ સ્વામીએ રચિત કીર્તનોનો સંગ્રહ 'પ્રેમાનંદ કાવ્ય' ગ્રંથમાં કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત પ્રેમાનંદ સ્વામીએ વિરહ વિલાસ, વિવેકસાગર, સર્ગનિસરણી, શ્રીમદ્ ભાગવત માહાત્મ્ય, ઉન્મતગંગા મહાત્મ્ય, સત્યભામાનું રૂસણું, એકાદશી માહાત્મ્ય, શિવજીનો ગરબો, હરિકૃષ્ણ નારાયણચરિત્ર, ધ્યાનમંજરી, શ્રીહરિસ્વરૂપધ્યાનસિદ્ધિ વગેરે ગ્રંથોની રચના કરી છે.

શ્રીજી મહારાજના અષ્ટ નંદ કવિઓએ ખૂબ મોટા પ્રમાણમાં પદ્ય સાહિત્યનું નિર્માણ કર્યું છે. એ સાહિત્યના અવલોકન બાદ કહી શકાય કે, મુક્તાનંદ સ્વામીનાં કાવ્યોમાં સંપૂર્ણ મર્યાદા સચવાઈ છે. સાથે સાથે સ્વામીના સાહિત્યમાં ભગવાનના અવતારનાં ચરિત્રોનું વર્ણન કરીને પ્રગટમાં મેળવવાનાં તાન જોવા મળે છે. અંતે સર્વ અવતારના અવતારી શ્રીઘનશ્યામજી છે એમ પ્રતિપાદન થતું.

બ્રહ્માનંદ સ્વામીનાં પદો સખાભાવે રચાતા. સખાભાવના પ્રાધાન્ય સાથે પ્રેમભક્તિ પણ જોવા મળે. પ્રેમાનંદ સ્વામીનાં પદો શ્રીહરિમાં પ્રીતિ વધે તેવા રહેતા. શબ્દે શબ્દે સ્વામીએ પોતાના અંતરાત્માના પ્રેમનું સિંચન કર્યું છે. સ્વામીને તુલસીદાસજીનાં ઘણાં પદો કંઠે હતા. તે પદો સાંભળી શ્રીહરિ બહુ વાર રાજી થઈ તેમને મોજ આપતા. દેવાનંદ સ્વામી પણ ખૂબ સારા ગાયક હતા.

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા પ્રકાશિત થયેલ પ્રેમાનંદકાવ્ય ભાગ-૧ અને ૨માં ચાર હજારથી વધુ પદોનો સમાવેશ કરવામાં આવ્યો છે. હજુ પ્રેમાનંદ સ્વામીનાં અસંખ્ય અપ્રકાશિત પદો પણ છે.

સમાચાર દર્શન

પુષ્પદોલોત્સવ

પુષ્પદોલોત્સવ તથા રંગોત્સવ સમાજજીવન ઉપર નોખી ભાત પાડે છે. લગભગ આજે દુનિયાના દરેક દેશોમાં કોઈને કોઈ રીતે રંગોત્સવ ઉજવાય છે. રંગોત્સવમાં મળતા સાત્વિક આનંદમાં જ્યારે ભક્તિ ભળે ત્યારે હૈયું આનંદથી નાચી ઊઠે છે. ભગવાન શ્રીસ્વામિનારાયણે અવારનવાર રંગોત્સવ ઉજવી, મહોત્સવને ભક્તિનું સ્વરૂપ આપી ધર્મજગતમાં ક્રાંતિ સર્જી હતી.

એ ભક્તિ પરંપરા મહોત્સવ પરંપરાને એક અદ્‌ભુત સ્વરૂપ ગુરુકુલમાં પ્રાપ્ત થયું. આજે ગુરુકુલમાં કેવળ ભક્તિને પ્રોત્સાહિત કરતો અનોખો પુષ્પદોલોત્સવ-રંગોત્સવ ઉજવાય છે. તા. ૨૫ માર્ચ ૨૦૨૪, ધુળેટીના પવિત્ર દિવસે પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામીનાં સાંનિધ્યમાં પુષ્પદોલોત્સવની ભવ્યતાપૂર્ણ ઉજવણી કરવામાં આવી. ઉત્સવના પ્રારંભમાં અનેકવિધ પુષ્પોથી સિંહાસનમાં પુષ્પના શણગાર ધારણ કરીને બિરાજમાન રાજાધિરાજ શ્રી ઘનશ્યામ મહારાજનો વૈદિકવિધિ સભર પુષ્પાભિષેક કરવામાં આવ્યો. આ સમયે ગુરુકુલના ગૌરવવંતા ગવૈયાઓએ રંગોત્સવના ભક્તિગીતોનું ગાન કરી વાતાવરણ ભક્તિમય બનાવ્યું. સાથે સાથે ફગવા અર્પણ કરીને શ્રીઘનશ્યામ મહારાજનું સવિશેષ પૂજન કરવામાં આવ્યું. બે હજાર ઉપરાંત કીલો પુષ્પની શોભા વચ્ચે બિરાજમાન રાજાધિરાજ ઘનશ્યામ હારાજને હિંડોળે ઝૂલાવ્યા, પુષ્પે વધાવ્યા ત્યારે ભક્તોના ભાવ ભક્તિની ઊભરાઈ ઊઠ્યા.

આજ રોજ ભગવાન શ્રી નરનારાયણદેવ પ્રાગટ્યોત્સવ હોવાથી અમેરિકા સત્સંગ વિચરણ કરી રહેલા પૂજ્ય સ્વામીજીએ ઓનલાઈન શુભાશીર્વાદ પાઠવી પુષ્પદોલોત્સવનો મર્મ સમજાવ્યો હતો. પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ ભગવાન શ્રી નરનારાયણ દેવ અને ભારતીય ઉત્સવ પરંપરાનો મહિમા જણાવ્યો હતો. વિદ્યાર્થીઓએ રંગોત્સવનું નૃત્ય પ્રસ્તુત કરી મહોત્સવના માહોલને આનંદમાં પરિવર્તીત કરી દીધો હતો. સદ્‌ગુરુ સંતોના દિવ્ય સાંનિધ્યમાં પ્રસાદિની પુષ્પ પાંખડીઓથી અરસપરસ રમીને સંતો-ભક્તો સાત્વિક આનંદ સાથે ભક્તિના રંગે રંગાયા હતા.

મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ, વાવડી-રાજકોટ

SGVP ગુરુકુલના અધ્યક્ષ પૂજ્ય સ્વામીજીની પ્રેરણા તથા સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીનાં માર્ગદર્શનથી રાજકોટ શહેરના વાવડી વિસ્તારમાં પ્રેમપ્રકાશ SGVP સંસ્કાર કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે.

આ સંસ્કાર કેન્દ્રમાં વિશાળ પ્રાર્થના મંદિર તથા પ્રિ સ્કુલનું નિર્માણ કરવામાં આવ્યું છે. જ્યાં નાનાં નાનાં બાળકો સંસ્કાર સાથે શિક્ષણ પ્રાપ્ત કરશે. આ સંસ્કાર કેન્દ્રનું ઉદ્ઘાટન તથા મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૯ થી ૧૨ એપ્રિલ દરમિયાન યોજવામાં આવ્યો. આ મહોત્સવમાં મહાવિષ્ણુયાગ, શ્રીરામ-શ્યામ-ઘનશ્યામ ગાથા, ફ્રી મેડીકલ કેમ્પ, ઠાકોરજીની નગરયાત્રા, સાંસ્કૃતિક કાર્યક્રમ, મહિલામંચ જેવા વિવિધ આયોજનો રાખવામાં આવ્યાં હતાં.

મહોત્સવના પ્રારંભે ભવ્ય પોથીયાત્રા યોજાઈ હતી. વાજતેગાજતે સૌ સંતો-ભક્તો સભામંડપ પધાર્યા હતા. અહીં દીપપ્રાગટ્ય તથા ઉદ્ઘાટન નૃત્ય સાથે મહોત્સવનો પ્રારંભ થયો હતો. દરરોજ રાત્રે યોજાતી સત્સંગ સભામાં પ્રથમ દિવસે શ્રીરામચંદ્રજી ભગવાનની ગાથા, દ્વિતીય દિવસે ભગવાન શ્રીકૃષ્ણગાથા અને તૃતીય દિવસે શ્રીઘનશ્યામ મહારાજની ગાથાનું શ્રવણ અનુક્રમે વક્તા તરીકે શાસ્ત્રી શ્રી ધર્મવત્સલદાસજી સ્વામી, શાસ્ત્રી શ્રી મુનિવત્સલદાસજી સ્વામી તથા શાસ્ત્રી શ્રી સર્વમંગલ સ્વામીએ કરાવ્યું હતું.

પ્રતિષ્ઠા પૂર્વે મહાવિષ્ણુયાગ તથા મૂર્તિપ્રતિષ્ઠાયાગમાં દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયના પ્રધાનાચાર્ય શ્રી રામપ્રિયજી દ્વારા વૈદિક વિધિ સાથે જલાધિવાસ, ધાન્યાધિવાસ, પુષ્પાધિવાસ જેવી અનેક વિધિઓ સાથે ભગવાનનું પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તમામ મૂર્તીઓની વાજતે ગાજતે શોભાયાત્રા કાઢવામાં આવેલ

જેમાં ૧૦૮ કળશધારી બહેનો, રીબડા ગુરુકુલના વિદ્યાર્થીઓની રાસમંડળી, વાવડી ગામની ધૂન મંડળી, વગેરે જોડાયા હતા. તા. ૧૨ એપ્રિલના પ્રાતઃકાળે સદ્‌ગુરુ સંતો તથા વડતાલ પીઠાધિપતિ ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજના હસ્તે મંદિરમાં રામ-શ્યામ-ઘનશ્યામ મહારાજ તેમજ મહાદેવ પરિવાર, ગણપતિદાદા, હનુમાનજીની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

આ પ્રસંગે શુભાશિર્વાદ પાઠવતા પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ જણાવ્યું હતું કે, આજે સંપ્રદાયની રીત અને પરંપરાનું પ્રવર્તન કરાવવામાં શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામીનું ખૂબ મોટું યોગદાન છે. અહીં જે થઈ રહ્યું છે, તે મૂળધારાને પોષણ માટે થઈ રહ્યું છે. આજે બસો વર્ષ પછી પણ સંપ્રદાયની મૂળ ધારાનું પોષણ અહીંથી થઈ રહ્યું છે તે આનંદની વાત છે. પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી સાથે અમારે અપાર હેત છે. ભગવાન શ્રીહરિ સર્વ સંતોને ખૂબ શક્તિ આપે અને મૂળ સંપ્રદાયના વિકાસમાં એ શક્તિ કામે લાગે એવી પ્રાર્થના કરીએ છીએ.

સાથે સાથે રીબડા ગુરુકુલનું સંચાલન કરી રહેલા પરમ પૂજ્ય શાસ્ત્રી શ્રી ધર્મવત્સલદાસજી સ્વામી, પૂજ્ય ઋષિકેશદાસજી સ્વામી, પૂજ્ય હરિનંદનદાસજી સ્વામીને હાર પહેરાવી શુભાશીર્વાદ પાઠવ્યા હતા. મહોત્સવમાં યજમાન તરીકે સેવાનો લાભ લેનારા ભક્તજનોને પણ શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગે વાવડી ખાતે નિર્માણ પામેલ શહેરની સૌથી મોટી પ્રિ-સ્કુલનું ઉદ્ઘાટન આચાર્ય મહારાજશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રિ-સ્કુલમાં પ્લેગ્રુપ, નર્સરી, જુનિયર કે.જી. તથા સિનિયર કે.જીના બાળકો અભ્યાસ કરશે.

ત્રિદિવસીય વ્યાખ્યાનમાળાના અંતે દરરોજ રીબડા ગુરુકુલના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરી સૌને પ્રભાવિત કર્યા હતા. સાંખ્યયોગી બહેનોનાં સાંનિધ્યમાં મહિલામંચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કથાવાર્તા દ્વારા મહિલાભક્તોનું પોષણ થયું હતું.

ખાસ કરીને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ, પૂજ્ય પુરાણી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય જોગી સ્વામી વગેરે સદ્‌ગુરુ સંતો દ્વારા પોષણ પામેલા રાજકોટની આસપાસના ગામોમાં મહારાજશ્રીએ પ્રથમ વાર પધરામણિ કરી હતી. જેમાં તા. ૧૨ એપ્રિલના રોજ રાવકી, ઢોલરા, પારડી તથા તા. ૧૩ એપ્રિલના રોજ રીબડા, રીબ, ગુંદાસરા, લોધીકા, મેંગણી, મોટા મહિકા, નાના મહિકા વગેરે ગામોના મંદિરોમાં ઠાકોરજીની આરતિ કરી હતી. ઉપરાંત રીબડા ગુરુકુલમાં નૂતન સંતનિવાસનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

રામનવમી મહોત્સવ

રામનવમી એટલે પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણ અને મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામચંદ્રજીના પ્રાગટ્યનો મહોત્સવ. સમગ્ર ભારતવર્ષ નહીં, પરંતુ દુનિયાના ખૂણે જ્યાં જ્યાં હિન્દુઓનો નિવાસ છે ત્યાં આ મહોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવાય છે. ત્યારે રામનવમી મહોત્સવ નિમિત્તે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ અમદાવાદ ખાતે તારીખ ૧૫ થી ૧૯ એપ્રિલ દરમિયાન ચૈત્રી પંચામૃત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વ્યાખ્યાનમાળા, રાજોપચાર પૂજન, નિલકંઠવર્ણી અભિષેક, અખંડ ધૂન, ભગવાન રામ-ઘનશ્યામ મહારાજ પ્રાગટ્યોત્સવ, પૂજ્ય પુરાણી સ્વામી પુન્યતિથિ જેવા અનેકવિધ ભક્તિ સભર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. નિત્ય ધૂન-ભજન સાથે રાત્રે વિવિધ વિષયો ઉપર વ્યાખ્યાનમાળામાં ભગવાનના લીલા ચરિત્રોનું ગાન થતું. રામનવમીના રોજ વહેલી સવારથી જ ભગવાન શ્રીનીલકંઠવર્ણીને દૂધથી અભિષેકનો લાભ લેવા વિશાળ સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સિંહાસનમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજનું ભવ્ય રાજોપચાર પૂજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫૧ જેટલા યજમાનોએ પૂજામાં બેસી ઘનશ્યામ મહારાજને વિવિધ ઉપહાર અર્પણ કર્યા હતા. સાથે સાથે મધ્યાહ્ને ૧૧ થી ૧૨:૩૦ દરમિયાન મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામચંદ્રજીના પ્રાગટ્યનો ઉત્સવ સંકીર્તન ભક્તિ સાથે દિવ્યતા સભર ઉજવવામાં આવ્યો.

રાત્રે ૮:૩૦ થી ૧૧:૦૦ દરમિયાન ભારે ભક્તિભાવ અને આનંદ-ઉલ્લાસથી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રાગટ્યોત્સવ ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે ગીત-સંગીત, સંકીર્તન, નૃત્ય, રાસ વગેરે વૈવિધ્યસભર આયોજનમાં જોડાઈને સંતો-ભક્તોએ ઈષ્ટદેવના પ્રાગટ્યને વધાવ્યું હતું. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ અમેરિકાથી વિડિયો દ્વારા આશીર્વાદ પાઠવ્યા હતા. પૂજ્ય બાલકૃષ્ણદાસજીએ ભગવાનના અવતરણનો હેતુ જણાવ્યો હતો. પ્રાગટ્ય આરતી બાદ વિદ્યાર્થીઓએ નૃત્યો કર્યા હતા અને સમુહ રાસ લઈ સૌ ભક્તો ભક્તિરસમાં તરબોળ થયા હતા.

તા. ૧૯ એપ્રિલના રોજ પૂજ્ય પુરાણી સ્વામીની દ્વિતીય પૂણ્યતિથિ નિમિત્તે વિવિધ ભજન-ભક્તિના આયોજનો તથા ગુણાનુવાદ સભા યોજાઈ હતી.

શ્રદ્ધાસુમન

અ.નિ. પ.પૂ. શ્રી નારાયણપ્રિયદાસજી સ્વામી :- કાલવાણી ધામ નિવાસી પૂજ્ય કોઠારી શ્રી નારાયણપ્રિયદાસજી સ્વામી તા. ૨ એપ્રિલ ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. પૂજ્ય સ્વામીજીએ કાલવાણી ધામના વિકાસમાં ખૂબ પુરુષાર્થ કર્યો હતો. ભગવાન શ્રીહરિ નારાયણપ્રિયદાસજી સ્વામીના આત્માને પોતાના ચરણોનું સુખ આપે તથા મુક્તસ્વરૂપસ્વામી વગેરે સંતમંડળને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી નાગજીભાઈ વલ્લભભાઈ સોજીત્રા :- શ્રી નાગજીભાઈ સોજીત્રા તા. ૧૮ માર્ચ ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. ગુરુકુના સેવેકાર્યોમાં જોડાયેલો આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ નાગજીભાઈના આત્માને પોતાના ચરણોનું સુખ આપે તથા સુપુત્રો દિનેશભાઈ, અશોકભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. અરજણભાઈ ભગવાનભાઈ પીપળિયા :- ગામ રીબ નિવાસી તથા ગુરુકુલના સંનિષ્ઠ સેવક શ્રી અરજણભાઈ પીપળિયા તા. ૧૮ માર્ચ ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. અરજણભાઈ નિત્ય રીબડા ગુરુકુલ દર્શને પધારતા. એમની નિષ્ઠા અને સત્સંગ અજોડ હતા. ભગવાન શ્રીહરિ અરજણભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. રવજીભાઈ નારણભાઈ લીંબાણી :- ગામ વડવિયાળા નિવાસી શ્રી રવજીભાઈ લીંબાણી તા. ૧૫ એપ્રિલ ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. વડવિયાળા ગામ અને આ ગામના ભક્તોની સેવા અજોડ છે. રવજીભાઈ ખૂબ સારા સત્સંગી હતી. એમનો પરિવાર પણ ગુરુકુલ સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ રવજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ જગદિશભાઈ, મહેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

સેવાનો અનોખો અવસર

દીકરા-દીકરીઓની સંભાળ લઈ શકે એવા નિવૃત્ત શિક્ષક ભાઈ-બહેનો માટે ગુરુકુલમાં સેવા આપવાનો સુવર્ણ અવસર. દીકરા-દીકરીઓની હોસ્ટેલ સંચાલન તથા દેખરેખ રાખી શકે તેવા નિવૃત્ત અથવા ઇચ્છુક ભાઈ-બહેનો આ સેવામાં જોડાઈ શકે છે. દીકરા-દીકરીઓના ઘડતરમાં આપનું યોગદાન દેવસેવા-દેશસેવા માટે મહત્વનું રહેશે.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર
બહેનો તથા ભાઈઓ માટે સંપર્ક
મો. ૯૯૭૮૬ ૦૪૪૯૧, ૯૪૨૬૯ ૦૪૪૯૧

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) છારોડી - ભાઈઓ માટે સંપર્ક
મો. ૯૯૭૯૮ ૮૦૩૬૫

ગુરુકુલમાં રસોઈ, સદાવ્રત ભોજન, યજ્ઞ-ગૌપૂજન

પ.ભ. શ્રી ભાવિનભાઈ તથા અમિતભાઈ પટેલ, ઓસ્ટ્રેલિયા
અ.નિ. શ્રી મધુકાંતાબેન પંચાણભાઈ કલોલા, જુનાગઢ
પ.ભ. શ્રી હેતલબેન ચતુરભાઈ સોરઠિયા, અમદાવાદ
પ.ભ. શ્રી બળદેવભાઈ અણઘણ
પ.ભ. શ્રી વિશાલભાઈ ઓમપ્રકાશભાઈ સોની, SGVP
પ.ભ. શ્રી મિલનભાઈ રાદડિયા, અમદાવાદ
પ.ભ. શ્રી રવિભાઈ અગ્રવાલ, ઉદેપુર
પ.ભ. શ્રી પ્રવિણભાઈ મુળજીભાઈ દક્ષીણી
પ.ભ. શ્રી નિરવ ધર્મેન્દ્રભાઈ માંડાણી, સુરત
પ.ભ. શ્રી પાર્થ દિપ્તેશભાઈ કલોલીયા, અમદાવાદ
પ.ભ. શ્રી હરિકૃષ્ણ બાબુભાઈ સોળિયા, રાજકોટ
પ.ભ. શ્રી જયેશભાઈ ડાયાભાઈ ગજેરા, અમદાવાદ

આગામી આયોજન

તા. ૦૪/૦૫/૨૪, શનિવાર : **વરૂથિની એકાદશી**
તા. ૦૫/૦૫/૨૪, રવિવાર : **સુહૃદ સભા :** છારોડી ગુરુકુલ, સાંજે : ૫:૩૦ કલાકે
તા. ૦૫ થી ૧૦/૦૫/૨૪ : **બાલ સત્સંગ શિબિર :** SGVP ગુરુકુલ, દીકરા-દીકરીઓ માટે, સંપર્ક : ૯૦૩૩૭ ૧૭૧૯૬
તા. ૧૭/૦૫/૨૪, શુક્રવાર : **શ્રીહરિ જયંતી :** શ્રીઘનશ્યામ મહારાજ રાજોપચાર તથા નિલકંઠવર્ણી અભિષેક : મેમનગર ગુરુકુલ
તા. ૧૯/૦૪/૨૪, રવિવાર : **મોહિની એકાદશી**

પુષ્પદોલોત્સવ તથા રંગોત્સવ પ્રસંગે શ્રી ઘનશ્યામ મહારાજનો પુષ્પપાંખડી દ્વારા અભિષેક તથા હિંડોળા દર્શન મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત ભક્તજનો તથા નૃત્ય કરતા વિદ્યાર્થીઓ - અમદાવાદ ગુરુકુલ

શ્રીરામનવમી પ્રસંગે ઘનશ્યામ મહારાજના પ્રાગટ્યોત્સવની આરતીનાં દર્શન તથા ઉપસ્થિત ભક્તજનો, અમદાવાદ ગુરુકુલ

અમેરિકાની સત્સંગયાત્રાએ પધારેલા પૂજ્ય સ્વામીજી તથા સંતોનું સ્વાગત તથા ન્યુયોર્ક ખાતે યોજાયેલ સત્સંગ સભા

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2022-2024
Valid Upto 31-12-2024 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/NG/92/2022-2024 valid upto 31-12-2024. Date of Publication is 25th of every month.

શ્રી પ્રેમપ્રકાશ સંસ્કાર કેન્દ્રમાં મૂર્તિ પ્રતિષ્ઠા તથા SGVP પ્રિ-સ્કુલના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય આચાર્ય મહારાજશ્રી સદ્‌ગુરુ સંતો, ભક્તજનો તથા યજમાનશ્રીઓ - વાવડી (રાજકોટ)

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat
વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-